Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



જીન શાસન જ્યોતિર્ધર આત્મારામજી
શત વર્ષ ઉજવીએ ઉત્સવ આજ જો
ન્યાયાંભોનિધિ વિજયાનંદ સૂરિ તણાં,
સંસ્મરણો ઉર ધરતા સરશે કાજ જો.

| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૦<br>અંક : ૬-૭ | ચૈત્ર-વૈશાખ<br>એપ્રીલ-મે-૯૩ | આત્મ સંવત ૯૭<br>વીર સંવત ૨૫૧૯<br>વિક્રમ સંવત ૨૦૪૯ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | વીરકુંવરની વાતડી | પંડિત વીરવિજયજી કૃત | ૪૧ |
| ૨ | શ્રી મહાવીર પરમાત્માનું વ્યાપક જીવન | સંપાદક : નગીનદાસ હરજીવનદાસ શાહ | ૪૨ |
| ૩ | આચાર્યશ્રી આત્મારામજીનું વ્યક્તિ દર્શન | શાહ નગીનદાસ હરજીવનદાસ શાહ ( શતાબ્દી ગ્રંથમાંથી સાભાર ) | ૪૬ |
| ૪ | વીરનર આત્મારામ | પંડિત સુખલાલજી | ૫૬ |
| ૫ | શ્રી વિજયાનંદસૂરિ સ્વર્ગારોહણ શતાબ્દીનું ભવ્યાતીભવ્ય શુભારંભ તથા પદાલકૃત મહોત્સવ સમારોહ | પ. પૂ. નવિનચંદ્રવિજયજી મહારાજ સા. | ૫૮ |
| ૬ | હું તમે અને આપણે | પ્રા. પ્રફુલ્લા આર. વોરા | ૬૩ |
| ૭ | સમચાર | સંકલન : સંજય એસ. ઠાર | ૬૫ |


## નવા આજીવન સભ્યો

**૧. શ્રી પ્રવીણચંદ્ર શાન્તીલાલ શાહ ભાવનગર**

**૨. શ્રી ભરતકુમાર અમૃતલાલ શાહ મલાડ વેસ્ટ મુંબઈ**

## શ્રી જૈન આત્માનંદ સભા તરફથી યોજાયેલ મેમ્બર સાહેબોનો મહા માસ તથા ચૈત્ર માસનો પાલીતાણા સિદ્ધગીરી યાત્રા પ્રવાસ

### —: મહા માસની યાત્રા પ્રવાસના દાતાઓ :—

૧. શેઠશ્રી વનમાળીદાસ ગોરધનદાસ શાહ
૨. શેઠશ્રી પોપટલાલ રવજીભાઈ સલોતના ધર્મપત્ની શ્રીમતી હસુમતીબેન
૩. શેઠશ્રી ખીમચંદ પુરૂસોતદાસ શાહના ધર્મપત્ની બેન હરકોરબેન જેરાજભાઈ શાહ
૪. શેઠશ્રી હઠીચંદ ઝવેરભાઈ શાહના ધર્મપત્ની બેન હેમકુંવરબેન
   હ. શાહ ભુપતરાય નાથાલાલ
૫. શેઠશ્રી કાન્તીલાલ રતીલાલ સલોત તથા કુમારી વનિતાબેન કાન્તીલાલ સલોત

### —: ચૈત્ર માસની યાત્રા પ્રવાસના દાતાઓ :—

૧. શેઠશ્રી સકરચંદ મોતીલાલ મુળજીભાઇ શાહ
૨. શેઠશ્રી કપુરચંદ હરીચંદ માચીસવાળા હ: તેમના ધર્મપત્ની અ. સૌ. અનોપબેન
૩. શેઠશ્રી વૃજલાલ ભીખાભાઇ શાહ ( દલાલ )
૪. શેઠશ્રી નાનચંદ તારાચંદ સ. પરીવાર
૫. શેઠશ્રી બાબુલાલ પરમાણંદદાસ શાહ સ. પરીવાર

( અનુસંધાન ટાઇટલ પેજ ૩ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્દતંત્રી : **શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ** એમ.એ., બી.કોમ, એલ.એલ.બી.



## વીરકુંવરની વાતડી"

### પંડિત વીરવિજયજી કૃત

વીરકુંવરની વાતડી કેને કહીએ, કેને કહીએ રે કેને કહીએ
નવીમંદિર બેસી રહીએ, સુકુમાળ શરીર — વીરકુંવર

બાળપણાથી લાડકો નૃપ ભાવ્યો, મળી ચોસઠ ઇંદ્ર મલ્હાવ્યો
ઇંદ્રાણી મળી હુલરાવ્યો, ગયો રમવા કાજ — વીરકુંવરની (૧)

છોરુ ઉછાંછળા લોકના કેમ રહીયે, એની માવડીને શું કહીયે
કહીએ તો અદેખા થઈએ, નાસી આવ્યા બાળ—વીરકુંવરની (૨)

આમલકી ક્રીડા વશે વીંટાણો, મોટો ભોરીંગ રોષે ભરાણો
હાથે ઝાલી વીરે તાણ્યો, કાઢી નાખ્યો દૂર — વીરકુંવરની (૩)

રૂપપિશાચનું દેવતા કરી ચળિયો, મુજ પુત્રને લેઈ ઉછળિયો
વીરે મુષ્ટિપ્રહારે વળિયો, સાંભળિયે એમ — વીરકુંવરની (૪)

ત્રિશલા માતા મોજમાં એમ કહેતા, સખિઓને ઓળંભા દેતા
ક્ષણ ક્ષણ પ્રભુ નામ જ લેતા, તેડાવે બાળ. વીરકુંવરની (૫)

વાટ જોવંતા વીરજી ઘેર આવ્યા, ખોળે બેસારી હુલરાવ્યા
માતા ત્રિશલાએ ન્હવરાવ્યા, આલિંગન દેત — વીરકુંવરની (૬)

યૌવન વય પ્રભુ પામતાં પરણાવે, પછી સંયમ શું મન લાવે
ઉપસર્ગની ફોજ હઠાવે, લીધું કેવળનાણ — વીરકુંવરની (૭)

કર્મસૂદન તપ ભાખિયું જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઈ છાજે
ફળપૂજા કહી શિવકાજે, ભવિને ઉપગાર — વીરકુંવરની (૮)

શાતા અશાતા વેદની ક્ષય કીધું, આપે અક્ષય પદ લીધું
શુભ વીરનું કારજ સીધ્યું, ભાંગે સાદિ અનંત વીરકુંવરની (૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર પરમાત્માનું વ્યાપક જીવન

સ્વ. શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ ના લેખ ઉપરથી
સંપાદક : નગીનદાસ હરજીવનદાસ શાહ .

कल्याणपादपारामं श्रुतगंगाहिमाचलम् । विश्वांभोजरविं देवं वंदे श्रीज्ञातनंदनम् ॥
पान्तु वः श्रीमहावीरस्वामीनो देशना गिरः । भव्यानामांतरमलप्रक्षालनजलोपमाः ॥

શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય–પરિશિષ્ટ પર્વ

**પ્રભુ** મહાવીરના જીવનના એકએક આદર્શ એટલા આકર્ષક છે કે તેનો વિચાર માત્ર આશ્ચર્યચકિત બનાવી મૂકે છે. એમની અહિંસા આકાશની સમાન વ્યાપક અને સૂક્ષ્મ છે; એમની તપશ્ચર્યા અને સહનશક્તિ અનુપમ છે; એમની ગૃહસ્થ અને સાધુસંઘની વ્યવસ્થાપકતા બંધારણ મહાન રાજનીતિજ્ઞનોને પણ મુગ્ધ કરે એવી છે.

પરંતુ એનાથી વિશેષ જે વસ્તુ એમના જીવનમાં દૃષ્ટિગોચર થાય છે તે એમની સમન્વયશક્તિ છે. અગ્નિ અને પાણી જેવી બે વિરોધી વસ્તુઓનો જ્યારે સમન્વય કરવામાં આવે છે ત્યારે એન્જિનમાં જ શક્તિ ઉત્પન્ન થાય છે તેથી વિશાળ રેલવેગાડી વાયુવેગે દોડી શકે છે. સમન્વયના આધારે જ સંસાર ચાલે છે; એથી જ પ્રકૃતિ વિકાસ કરી રહી છે અને જગત્ ઉન્નતિ કરતું ચાલ્યું છે. તેથી જ શ્રી ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થસૂત્રમાં '**परस्परोपग्रहो जीवानाम्**' એ સૂત્ર મૂક્યું છે.

ભગવાન મહાવીરનો સમન્વયવાદ એ જ અનેકાંતવાદ પરંતુ આપણે તે ભૂલી જઈ અનેકાંતની ચર્ચામાં સમન્વય શોધવાને બદલે ખંડનની ભાવનાને વધારે જોર આપ્યું છે; ગમે તે એક જ નયને પકડી રાખવાને અંગે અન્ય નયોનો અપલાપ થવાથી અનેકાંત એકાંત બની ગયો.

પરમાત્મા મહાવીર પાસે કેવલજ્ઞાનરૂપ દીપક હતો તેમાંથી ગણધર મહારાજાઓરૂપ અનેક દીપકો પ્રગટયા; કેવલજ્ઞાનરૂપ બિંદુરૂપ દ્વાદશાંગીનું જ્ઞાન એમણે જગત્ સમક્ષ મૂક્યું; ત્રીજા ભવમાં મન–વચન–કાયાની પવિત્રતાથી રોમરાજીની વિકસ્વરતાપૂર્વક 'સવિજીવ કેરું શાસન રસી' ની ભાવનાનો જે સંકલ્પ વીર્યોલ્લાસપૂર્વક કર્યો હતો તેના પુણ્યાનુબંધી પુણ્યથી તીર્થંકરપણું પ્રાપ્ત થતાં કેવલજ્ઞાનના સારભૂત દ્વાદશાંગીના સૂત્રો જગત્ સમક્ષ મૂક્યાં જે હજારો વર્ષ સુધી ભવ્યાત્માઓ ગ્રહણ કરશે અને મુક્તિ માટે જન્મજન્માંતરમાં પ્રયાણ કરશે. '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' આ સારભૂત સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે આ જગતના તમામ પદાર્થો અનાદિ હોવા છતાં ઉત્પન્ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય છે, નાશ પામે છે, પણ સત્તારૂપે અચળ રહે છે; આ વિજ્ઞાન એમણે વર્ષો પહેલાં જનસમાજ સમક્ષ મૂક્યું.

મહાન ઇશ્વર શ્રી મહાવીરે જગત્ બનાવ્યું નથી પણ જગતનું સ્વરૂપ બતાવ્યું છે; આત્મા પોતે જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર છે. માતાના ગર્ભમાં આવી પોતે જ આહાર લેવામૂકવા વગેરે છ પર્યાપ્તિઓ (શક્તિઓ) ઉત્પન્ન કરે છે અને જીવનપર્યંત તે શક્તિઓનું પાલન કરે છે. તેમ જ જીવન પૂરું થયે તે વિસર્જન કરે છે; અને નવા જન્મોમાં એ રીતે ક્રિયા કરે છે. આ વસ્તુસ્થિતિમાં કર્મજન્ય કાર્ય છે; અન્ય કોઇનું નથી. આત્મા અને કર્મ મળીને આ સંસાર અનાદિકાળથી સરજાયો છે. સરજાય છે અને સરજાશે. જગતકર્તા ઇશ્વર જેવી વચ્ચે કોઈ વ્યક્તિ રહેતી નથી. આ તેમનો સર્વજ્ઞ સિદ્ધાંત છે.

એમનું તત્ત્વજ્ઞાન નિત્યાનિત્યપણું, એકઅનેકપણું, મૂર્તઅમૂર્તપણું, નિશ્ચય અને વ્યવહાર, દ્રવ્યગુણ પર્યાય, સાત નયો, સપ્તભંગીઓ, છ દ્રવ્યો, પાંચ સમવાયો અને **ज्ञानक्रियाभ्यां मोक्षः** વગેરે સૂક્ષ્મ હકીકતોથી ભરપૂર છે; આઠ કર્મોનું સૂક્ષ્મ સ્વરૂપ બંધ, ઉદીરણા, સત્તા, સંક્રમણ વગેરે અન્ય દર્શનોમાં દૃષ્ટિગોચર થતું નથી.

હવે એ પ્રશ્ન થાય છે કે પરમાત્મા મહાવીર તીર્થંકર કેમ બન્યા? આ અવસર્પિણી કાળમા ત્રેવીસ તીર્થંકરો જગતના જીવોના ઉદ્ધાર અર્થે થયા પછી એમનો જન્મ તીર્થંકરરૂપે કેમ થયો? શ્રીમાન હરિભદ્રસૂરિકૃત ખાસ હકીકત છે કે આ સંસારનાં સર્વ ક્લેશો અને ધંધામાંથી સર્વ જીવોનો મન વચન અને શરીરથી અંતઃકરણની ભાવનાપૂર્વક ઉદ્ધાર ઇચ્છનાર અને તે માટે સક્રિય પ્રયત્નની તાલાવેલીથી આત્મા તીર્થંકર બને છે; સંઘ, જ્ઞાતિ અને દેશનો ઉદ્ધાર ઇચ્છનાર ગણધર બને છે અને માત્ર પોતાનો જ ઉદ્ધાર ઇચ્છનાર સામાન્ય કેવલી બની શકે છે. શ્રીમદ્ ઉમાસ્વાતિવાચકે પણ તત્ત્વાર્થસૂત્રની કારિકામાં **भावितभावो भवेष्वनेकेषु** એ શ્લોકદ્વારા અનેક જન્મોના શુભસંસ્કારોના પરિપાકરૂપે વિશ્વદીપક શ્રી મહાવીરના જન્મને વર્ણવ્યો છે; બુદ્ધ માટે પણ કહેવાય છે કે તેમણે બોધિસત્ત્વ તરીકેના પૂર્વ જન્મોમાં પ્રજ્ઞા, દાન, જ્ઞાન, શીલ અને ક્ષમા વગેરે દશ પારમિતાઓ સાધી હતી અને પછીથી બુદ્ધ તરીકેનો જન્મ થયો હતો.

આ આત્મા સંજોગવશાત્ કર્મની વિચિત્રતાથી કઇ સ્થિતિએ પહોંચે છે, કેવા દુઃખ અનુભવે છે. જીવનવિકાસના માર્ગમાં આવ્યો છતાં કેવી રીતે અધઃપતનના ઊંડા ખાડામાં પટકાઈ પડે છે અને પછી કેવા પુરુષાર્થ અને કેવું અપૂર્વ વીર્ય તારવી સંપૂર્ણ ઉન્નતિના શિખરે પહોંચે છે એ દૃષ્ટાંત શ્રી મહાવીર પ્રભુનું મૂલ્ય અને અદ્ભૂત છે. નયસારના ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરી પછી વમી નાખ્યું; પરંતુ જેમ બીજનો ચન્દ્રમાં પૂર્ણિમાં બની જાય છે તેમ આખરે તીર્થંકરપણું પ્રાપ્ત કર્યું; તે વચ્ચેના છવ્વીસ જન્મો એમના જીવનમાંથી મનનપૂર્વક સમજવાથી કર્મ અને આત્માની લડાઇમાં છેવટે આત્માનો જય થાય છે. કેમકે એમના પુરુષાર્થ ક્રમેક્રમે બળવાન થતાં ગયો અને સત્તાવીસમાં ભવમાં તીર્થંકરપણું પ્રાપ્ત કર્યું. છેવટે કર્મો ઉપર વિજય મેળવી સ્વતંત્ર મુક્તિપદ પ્રાપ્ત કર્યું અને આપણને પૂજ્ય બન્યાં. સંસારમાં અનેક જીવો જન્મે છે અને મૃત્યુ પામે છે તે તો સામાન્ય ક્રમ છે. તેનો ઊહાપોહ હોતો નથી; પરંતુ વિપત્તિના પહાડ તૂટી પડયા હોય, મરણાંત કષ્ટો, ઉપસર્ગો એક પછી એક આવતા હોય, એક વખત ઉન્નતિના શિખરે ગયા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી અધઃપતનના ખાડામાં પડયા રહેવું પડયું હોય છતાં હિમ્મતપૂર્વક, આત્મશ્રદ્ધાપૂર્વક, પુરુષાર્થપૂર્વક અટગપણે કોઇની પણ દયાની ભિક્ષા માગ્યા વગર, દેવ કે ઇંદ્રની સહાયની અપેક્ષા વગર, આર્તધ્યાન કે રૌદ્રધ્યાન કર્યા વગર, ઉપસર્ગ કરનાર પાપી વ્યક્તિઓ ઉપર પણ અનુકંપા ચિંતવીને પોતે કરેલાં પૂર્વ કર્મોનાં ફળ સમજી, તેને બહાદુરીથી ભોગવી, ઉન્નત અને દિવ્ય આધ્યાત્મિક જીવન જીવી, સંસારના અનેક પ્રાણીઓનું કલ્યાણ કરી મુક્તિસ્થાનમાં પધાર્યા છે. આવું મહાન અને પ્રભાવશાળી વ્યાપક જીવન વીર પરમાત્માનું છે; આ રીતે પોતાના આત્માનો સંપૂર્ણ વિકાસ સાધી ઉન્નતિના શિખરે ચડનાર આત્માઓ જ મહાપુરુષો અને વિશ્વવંદ્ય બને છે.

પરમાત્મા મહાવીરે કહ્યું છે કે મારી પાસે મુક્તિ કેમોક્ષ નામની કોઈ ચીજ નથી કે હું તમને આપી શકું; પણ તમો સમ્યગ્ દર્શન–જ્ઞાન અને ચારિત્રના માર્ગે ચાલવા પ્રયત્ન કરશો. જિન-પ્રતિમા અને જિનાગમનું આલંબન લેશો. ગુણદૃષ્ટિ રાખી સમભાવની વૃદ્ધિ કરશો. જ્ઞાન અને ક્રિયા ઉભયની સાધના કરશો. સાત નયોને સાપેક્ષ રાખી, ખંડનાત્મક પ્રવૃત્તિથી દૂર રહી અનેકાંત-વાદ સ્વીકારશો. અહિંસા, તપ, ત્યાગ અને સંયમમાં પુરુષાર્થ કરશો. શ્રદ્ધાબળ, જ્ઞાનબળ, ચારિત્રબળ, અને ધ્યાનબળનો આત્મામાં વિકાસ કરતા રહેશો અને ભવાંતર માટે પણ શુભસંસ્કારો લેતા જશો તો અવશ્ય આ અનાદ્યનત સંસારનો તમારે માટે છેડો આવશે તેમ જ આત્માના અનંત ગુણોનો વિકાસ થતાં કર્મથી સ્વતંત્ર રીતે પોતે જ પોતાને મુક્ત કરી શકશે. પરમાત્મા મહાવીરે કર્મનો સૂક્ષ્મ સિદ્ધાંત કેવલજ્ઞાનથી તપાસી જે રીતે રજૂ કર્યો છે તે સર્વજ્ઞપણાની સાબિતી છેઃ આત્મા પોતાથી પર–જડભાવ–વિભાવ પરિણતિમાં પડે ત્યાર પછી રાગ, દ્વેષ, ચાર કષાયો વગેરે વડે શરીર, પુત્ર, પરિવાર, હાટ, હવેલી વગેરેમાં મમત્વો વધતા જાય એ રીતે વિષયચક્રમાં આત્માં ગૂંચવાઇ કર્મ બાંધી રહ્યો છે; જ્ઞાનચેતનાની જાગૃતિ વગર કર્મચેતના અને કર્મફળચેતના અનુભવી રહ્યો છે. આ કર્મોનું બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, સંક્રમણ વગેરેનું સૂક્ષ્મ સ્વરૂપ જૈન દર્શનસિવાય અન્ય સ્થળે નથી; અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, ચાર અનુયોગો, માર્ગાનુસારીપણું, જિનપૂજા, જીવદયા, ગુણસ્થાનો, ગૃહસ્થનાં બાર વ્રતો ઓછામાં ઓછા ગૃહસ્થની સવા વસા દયા, સાધુધર્મની વીસ વસા દયા, દાન, શીલ, તપ અને ભાવ, દ્રવ્યગુણપર્યાય, નવતત્ત્વો વગેરે તત્ત્વજ્ઞાન અને ક્રિયામાર્ગનું ઉચ્ચ બંધારણ—વીર પ્રભુએ વ્યાપક દૃષ્ટિએ આપણી સમક્ષ મૂકેલું છે; એ બંધારણ પ્રમાણે જો મનુષ્ય વર્તે તો ઓછામાં ઓછા ભવે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી પ્રાંતે નિર્જરા થતાં સર્વ કર્મોનો ક્ષય મુક્તિપદ પ્રાપ્ત કરી શકે.

પરમાત્મા મહાવીરે જે સિદ્ધાંતો આપણી સમક્ષ મૂક્યા છે તે ૨+૨=૪ જેવાં ચોક્કસ છે. એમણે નવા મૂકયા નથી. પૂર્વના તીર્થંકર સર્વજ્ઞોના પણ એ જ સિધ્ધાંતો શાશ્વત છે; સત્ય એક જ હોઈ શકે છે.

કાલ, સ્વભાવ, ભવિતવ્યતા, ઉદ્યમ અને કર્મરૂપ પાંચ સમવાયોથી જગત્–સંસાર ચાલ્યા કરે છેઃ તેમાં વચ્ચે કોઈ બીજી વ્યક્તિની જરૂર રહેતી નથી; કર્મ અને આત્માના પુરુષાર્થ બાબતમાં એમણે કર્મનું સ્વરૂપ આત્માને અધઃપતન કરાવનારું બતાવીને છેવટે પુરુષાર્થ ઉપર મુખ્યતા મૂકી છે; પુરુષાર્થ કર્યા વગર કર્મનો વિનાશ ન થઈ શકે. આપણા આત્મામાં ભૂતપૂર્વ કર્મોના સામ્રાજ્યને લઈને નિર્બળતાઓ ભરી પડી છે જેથી આપણને કાળનો પરિપાક થયો નથી. કર્મનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બળ છે. ભવિતવ્યતા બળવાન છે વગેરે વગેરે નિમિત્તોને આગળ કરીને આપણે આશ્વાસન લઈએ છીએ અને આપણી નિર્બળતા છુપાવીએ છીએ. પણ પુરુષાર્થને આગળ કરીએ એટલે ક્રમે ક્રમે કાળ અને ભવિતવ્યતા વગેરે સમવાયો તેમાં સમાઈ જાય છે અને આત્મા બળવત્તર બનતાં સકળ કર્મોનો ક્ષય કરી શકે છે.

શ્રી વીર પરમાત્માના આલંબનથી અનેક આત્માઓ એમની હયાતિમાં સંસારસમુદ્રથી તર્યા છે: મેઘકુમાર, ચંડકૌશિક સર્પ, અર્જુનમાલી, ચંદનબાલા વગેરે વગેરે. એમનું શાસન હજી સાડા અઢાર હજાર વર્ષ લગભગ રહેશે. અગિયારે ગણધરો ને વેદવાક્યોનો જૈનદર્શનમાં સમન્વય કરી પ્રતિબોધ એમણે કર્યો આ તેમની અપૂર્વ વિશિષ્ટતા છે; તેથી જ શ્રીમદ્ આનંદઘનજીએ 'ષડ્દર્શન જિન અંગ ભણીજે' રૂપે શ્રીનેમનાથજીની સ્તવનમાં કહ્યું છે.

પદાર્થવિજ્ઞાન Science તો પરમાત્મા મહાવીરના અનંતજ્ઞાનનો એક વિભાગ છે; દા૦ ત૦ શ્રીભગવતી સૂત્રમાં ભાષાવર્ગણાના પુદ્ગલોને કયા કયા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શો છે તે ગૌતમ સ્વામીજીના પ્રશ્નોનો ઉત્તર પ્રભુ મહાવીરે આપ્યો છે; આવું સૂક્ષ્મજ્ઞાન સર્વજ્ઞ સિવાય બીજાને હોઈ શકે નહિ; હજારો વર્ષ પહેલાં પરમાત્માએ કહ્યું છે કે ભાષાવર્ગણા એ પુદ્ગલરૂપ છે. તે હાલમાં રેડીઓ અને ગ્રામોફોન દ્વારા સિદ્ધ થયું છે તેમ જ શરીરની છાયાના અને પ્રકાશનાં પુદ્ગલો પણ કેમેરાથી ઝડપાયા છે.

પરમાત્મા મહાવીરના વ્યાપક જીવનના સારરૂપે આપણે એમનું આલંબન સ્વીકારી એમની આજ્ઞા પ્રમાણે વર્તવા પ્રયત્નશીલ થઈએ, સંગઠિત થઈ એમના જીવનસિદ્ધાંતોને કાર્યમાં ઉતારીએ. નજીવા ક્લેશોને તિલાંજલી આપી જૈન સમાજની ઉન્નતિ માટે એકત્ર થઈએ, એમના સિદ્ધાંતો પરદેશમાં ફેલાવવા મિશનો મોકલીએ, એમના જીવનનો મહાન ગ્રંથ–ઐતિહાસિક, વૈજ્ઞાનિક, યૌગિક અને આધ્યાત્મિક રીતે ગૃહસ્થજીવન, સાધુજીવન, માતૃ–પિતૃ–ભક્તિ બંધુસ્નેહ ગણધરવાદ તીર્થસ્થાપના વગેરે અનેક દૃષ્ટિબિંદુઓથી સરળ ભાષામાં તૈયાર કરાવીએ, આલસ્ય ખંખેરી પુરુષાર્થ–પરાયણ થતા રહીએ, અહિંસા, સંયમ, તપ, સામાયિક, બ્રહ્મચર્ય, દાનધર્મ વગેરેમાં પ્રગતિ કરતા રહીએ તો તે સંસ્કારો પાડતાં પાડતાં આપણે આપણા આત્માની અનંત શક્તિઓનો વિકાસ કરી એમની માફક અવશ્ય મુક્તિગામી બની શકશું એ નિર્વિવાદ સત્ય છે.

ભગવાન મહાવીરનો આર્હતધર્મ ઉદ્ઘોષણા કરે છે કે 'કર્તવ્યકર્મોને આદરી સદ્વર્તન ધારણ કરજો. ઉદાસીનતા, ખેદ, ચિંતા અને ભય કે જે મનોબળને નબળું પાડનાર છે અને આત્માના ભાવિ ઉદયને અટકાવનાર છે તેમને હૃદયમાં પેસવા દેશો નહિ. નિરંતર આત્મચિંતવન કરજો; કટુતામાં મધુરતા રાખજો. દુઃખમાં સુખ માની લેતાં શીખજો. દુઃખોને અનુભવી ઢીલા થશો નહિ અને સંતાપના રોદણાં રડશો નહિ; તમારા આત્માને દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં ઓતપ્રોત કરી નિશ્ચય બળ ( Wil Power ) થી તેને ટકાવી રાખી ઉત્તરોત્તર પ્રગતિ કરજો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન્યાયાંભોનિધિ શ્રીમત્ પૂજ્યપાદ

# આચાર્યશ્રી આત્મારામજીનું

# વ્યક્તિ દર્શન

શાહ નગીનદાસ હરજીવનદાસ (શતાબ્દિ ગ્રંથમાંથી સાભાર)

યુગે યુગે, યુગના પ્રમાણમાં ઘણીવાર સમાજની ધારક શક્તિ પ્રમાણે યુગાવતાર જન્મે છે; કોઈ કોઈ વાર સમાજ–શક્તિથી અધિક પ્રચંડ, સમાજ ઝીલી ન શકે એવું સામાર્થ્ય પ્રગટ થાય છે. એ સામાર્થ્ય માત્ર યુગાવતાર જ નહિ પણ યુગપ્રધાન અવતારે છે. યુગપ્રધાન આખા યુગને દોરે છે, ફેરવે છે અને તેને પલટો આપીને તેનું નવું સર્જન કરી નાંખે છે યુગાવતાર યુગને દોરે છે, તેને પલટો આપે છે અને તેનો સંરક્ષક બનીને તેને કાંઈક નવીનતા દે છે. એક હોય છે અજોડ ક્રાંતિકાર, બીજો હોય છે સમર્થ સુધારક : બંને સમાજનાં ધોરણોથી ખૂબ ઊંચા હોય છે.

બંનેમાં સુધારકતા અને ક્રાંતિકારત્વ હોય છે જ, પણ વધતા–ઓછા પ્રમાણમાં. નિશ્ચય, અડગતા અને સ્વતંત્રતા બન્નેમાં હોય છે, પણ સંરક્ષક–સુધારક ક્રાંતિને પગલે ચડી છેવટ સમાજની સ્થિતિને સુધારવા મથે છે; જ્યારે ક્રાંતિકાર તેને ખીલવી, પલટાવી, સારું હોય તેને પણ નવીનતા આપી તેમાંથી ક્રાંતિ જન્માવે છે, એક સુધારો જન્માવે છે, બીજો ક્રાંતિ અવતારે છે.

આ બેમાંથી આત્મારામજી કયા વર્ગમાં આવી શકે ? એ પ્રશ્નનો ઉત્તર આપતાં પહેલાં તેમની સ્થિતિનો–સંયોગોનો વિચાર કરીએ.

રાજ્ય સ્થાપનાના હોંશીલા છતાં તેમાં નિષ્ફળ નીવડતાં, ધાડપાડુ ગણાએલા પિતાનો ક્ષત્રિય પુત્ર ભાગ્યયોગે વણિક–વૈશ્યના રક્ષણ તળે આવી રહ્યો. તે જ અરસામાં લગભગ પંજાબકેશરી રણજીતસિંહનું મૃત્યુ થયું. પંજાબના વિગ્રહો થયા અને ઇસ્લામ યુગમાં સૌથી પ્રથમ પરદેશીઓને શરણે જનારો પ્રાંત હારેલા, થાકેલા યોદ્ધા જેવા સૌથી છેલ્લો વિદેશીઓને તાબે થયો. એ સમય પંજાબનો જ નહિ પણ આખા ભારતના સંક્રાન્તિકાળનો આરંભ–યુગ હતો. દીત્તા સમજણી ઉંમરનો થયો તે વેળાયે પંજાબના વિગ્રહ પૂરા થઈ ગયા હતા અને લોરેન્સ ભાઈઓ પંજાબને થાળે પાડતા હતા, અઢાર વર્ષની વયે દીક્ષા લીધા પછી ત્રણેક વર્ષે બળવો થયો અને શમ્યો. તે કાળ અશાંતિ, અવ્યવસ્થા અને અવિશ્વાસનો હતો. ધર્મભયની બૂમ તો ચોમેર પડી રહી હતી. એટલે ધર્મરક્ષણનું ઝનૂન તે કાળે ભારતના જીવનમંત્ર થઈ ચૂક્યું હતું.

આત્મારામજીનું વ્યક્તિત્વ, એ અશાંતિ, અવિશ્વાસ અને અવ્યવસ્થા તેમ જ હિંસાના તાંડવથી ત્રાસી ઊઠયું અને છેવટ ધર્મઝનૂને ઘડાયું. એ ઘડતરને અહિંસક ધર્મે જુદી દિશાએ વાળ્યું,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલામાં એને અનુકૂળ સન ૧૮૬૧ શ્રી વિક્ટોરીઆનો શાંતિયુગ બેઠો. તે દરમ્યાન આત્મારામે અભ્યાસ કરી લીધો હતો અને ધર્મ-જાગ્રતિનાં સાચા સ્વપ્નની ઝાંખી તેને થઈ ચૂકી હતી.

બળવાનાં પરિણામની અને શાંતિયુગની અસર તેનામાં સંગઠનના વિચારરૂપે, શરીરને ધર્મ અર્થે સબળ બનાવવાના આચાર ઉપદેશરૂપે અને ધાર્મિક્તાના સાત્ત્વિક ઝનૂનરૂપે પરિણમી. દયાનંદ-સ્વામીને બળવાને પરિણામે નિઃશસ્ત્ર, નિરાધારી, કુસંપ અને સ્વાભિમાનનો લોપ દેખાયાં એટલે એમને આર્યત્વનું ઉગ્ર અભિમાન, સંગઠન, શુધ્ધિ અને બળશાલિત્વ માટે શસ્ત્ર શિક્ષણ-એટલાં તત્ત્વ પ્રજાના ધર્મોધ્ધાર માટે આવશ્યક લાગ્યાં.

આત્મારામજી મહારાજ ઉપર પાછી ગુજરાતના શાંત વાતાવરણની અસર પણ થઈ અને એથી એમણે જૈનશાસનની સેવા સ્વીકારી.

તે કાળે જૈનશાસન છિન્નભિન્ન હતું : એક તરફ યતિવર્ગ, બીજી તરફ સંવેગી સાધુ વર્ગ અને ત્રીજી તરફ સ્થાનકવાસી સંપ્રદાય એ ત્રણે શ્વેતાંબર જૈન શાખાને વીંખીપીંખી રહેલ હતા. કુસંગ, શિથિલાચાર અને શાસ્ત્રોના અવળા વિચાર ને આચારનાં ગોથાંમાં જૈન જનતા ગબડ્યા કરતી હતી. આ બધું જોઈને આત્મારામજીનો આત્મા કકળી ઊઠ્યો અને તેમણે, પોતાને જે સત્ય જણાયું હતું. પોતે જે શાસ્ત્ર-શાસનને સંપૂર્ણ માન્યું હતું. તેનો ઉધ્ધાર કરવા કમર કસી, અને એ ઉધ્ધારની યોજનામાં એમનું જીવન ખર્ચાઈ ગયું અને ઘણેક અંશે તે કાળે તો તેમનો ઉદ્દેશ સફળ પણ થઈ ચૂકયો.

આવી રીતે તેમના ઉપર યુગબળની અસર થઈ અને તેમનું વ્યક્તિત્વ તે પ્રમાણે ઘડાયું. આત્મારામજી આમ પ્રખર અને પ્રચંડ ક્રાંતિકાર નહિ. પણ સુવ્યવસ્થારૂઢ સુક્રાંતિના બીજવાળા સુધારક બન્યા.

તે યુગે હજી વિલાસના દર્શન ક્યાં ન હતાં; સટોડીયો વેપાર, ઝીણાં અને હિંસક વસ્ત્રો તેમ જ ખાનપાનનો સ્વચ્છંદ હજુ તે ટાણે પ્રવેશ્યાં ન હતાં. વળી શ્રમ, શસ્ત્રબળ અને સંતોષી જીવનથી સ્વાભાવીક રીતે જ શરીરબળ ટકાવી રાખવાની કળાનો પણ તે વેળાએ હજુ લોપ થયો ન હતો. એટલે શીખ-ક્ષત્રિયપુત્ર દીત્તાનું શરીર ખૂબ જ વિકસ્યું હતું. દીક્ષિત આત્મારામજીને પછી વિહારનો શ્રમ, અપરિગ્રહી સાધુજીવન અને કડક સંયમ સાંપડ્યાં, એટલે એ શરીર સુદૃઢ રહ્યું.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીને એમનો અંગત જીવન પરિચય હતો. તેઓશ્રી લખે છે કે—

**इस छबीमें प्रशस्त ललाट, अलौकिक तेज भरे शांत स्वरूप, दीर्घनयन, शरीरमें देवपादका प्रभाव, मुखमंडलमें नवजीवीका अभय करनेवाली अपूर्व शोभा है।**

વિશાળ કપાળ, પ્રતિભાવંતુ મુખ, માંસલ ગાત્રો અને તેજભર્યાં જ્ઞાનાતુર નયનો-એ એમની દેહ વિભૂતિ, એ વિભૂતિમાં એમનું પંજાબી વ્યક્તિત્વ ઢાંકયું રહી શકે તેમ ન હતું. એક ભારથી ચગદાઈ ગયેલા-દુર્બળ પ્રાણીનો બોજો ઉપાડીને તેને બચાવવામાં કે સમશેરધારી ભીલનું કાંડું હચમચાવીને તેને વગડામાંથી ગામમાં હસડી જવાનાં અહિંસક શૌર્યમાં એ વ્યક્તિત્વનો કાંઈ અનોખો જ પ્રભાવ દેખાઈ આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમનો સ્વભાવ વિનોદી અને તાત્ત્વિક પણ હતો, તે એમની વાતો પરથી અને ચર્ચા પરથી દેખાઈ આવે છે. નિર્દોષ વિનોદ આ સાચા આત્મારામનું લક્ષણ છે. ગાંધીજી વિનોદને ઘણીએ વાર બહેલાવતા, એમ આત્મારામજી પણ પોતાની સાધુમંડળીમાં વિનોદ કરતા.

એમના વ્યક્તિત્વમાં ધ્યેય–પ્રાપ્તિનો તનમનાટ એટલો જ દેખાય છે. એમનામાં ક્રાંતિકાર જેવી શક્તિ બીજરૂપે હતી. ચાલતે ચીલે ચાલે તે સામાન્ય માનવી, સુધારક કે ક્રાંતિકાર બની શકે નહિ. સાત્ત્વિક અસંતોષ, આત્મિક ઉણપનો ખટકો, એ હરકોઈ સાચા ક્રાંતિકારમાં જન્મથી જ હોય છે. એટલે જ દીત્તાની બાળજિજ્ઞાસા રમતગમતમાંથી જ્ઞાનની આતુરતામાં પરિણમી. અમરસિંઘજીના પ્રયત્નો શિખ પંથ માટે, એ ક્રાંતિના બીજને વિકસાવવા માટે જ હતા, જીવણમલ્લજીના પણ એ બીજનાં દર્શન કરીને જ દીત્તાને આત્મારામ બનાવ્યો હતો; પણ જેના ભાગ્યમાં શીખપંથના મુખી થવાનું સરજાયું નહોતું, લગ્ન, સંસાર–સુખ કે જોધમલની મિલ્કત જેને જીતી શક્યાં નહિ, પાલક માત–પિતાનો સ્નેહ જેને પલાળી–ખાળી શક્યો નહિ, એ સ્નેહને તરછોડીને દીક્ષા લેવા જેટલી પામરતા જેણે બતાવી નહિ અને છતાં એ જ સ્નેહને બતાવીને દીક્ષા લેવાની આનંદપ્રદ અનુમતિ મેળવવામાં જે શક્તિશાળી થઈ શક્યા–એ આત્મારામને ન સંતોષી શક્યા જીવણમલ્લજી, ન આકર્ષી શક્યા અમરસિંઘજી કે ન જીતી શક્યા ચંદનલાલજી. એમનો આત્મા સ્વતંત્રતાનો ચાહક અને શોધક હતો, એટલે એને પોતે જ્યાં હતો ત્યાં મજા ન પડી.

આત્મારામ જ્યારે મુંઝાય છે ત્યારે સ્વતંત્રતા માટે તલસે છે અને એનું દ્વાર જોવા મથે છે. એની એ સ્વતંત્રતાને બાધક કોઈપણ તત્ત્વને એ ગણકારતા નથી તેમજ એનાથી ડરતા કે અચકાતા નથી.

આત્મારામજીએ એ દશા અનુભવી આઠ, દશ વર્ષ સુધી, અને એમાંથી છૂટવાની તમન્નાને સંતોષવા શાંત પ્રયત્નો આદર્યા. એમનામાં ફાટી નીકળતા પ્રલયના ધામ જેવી જ્વાલામુખીની દશા નહોતી, પણ ધરતી કંપની ગરમ થથરાટી અને એ થથરાટીમાંથી ઉત્પન્ન થતી માર્ગ કાઢવાની તીવ્રતા ભારોભાર ભરી હતી. એ તીવ્રતાએ એમને વ્યવહારુ બનાવ્યા.

પૂરી તૈયારી વિના સ્વતંત્રતા માટે ફાંફાં મારનાર પાછો પડે છે અને તેની બેડીઓ વધારે મજબૂત બને છે. ઉતાવળો કૂદકો આપઘાત કરાવે છે, એ સત્ય આત્મારામજી સમજતા હતા તેથી તેમણે વડવાનલભર્યા સમુદ્રની શાંત ગંભીરતા સેવીને પોતાનું કર્તવ્ય ચાલુ રાખ્યું. છતાં જેમ એ સાગર પણ ટાણે–ટાણે તોફાની થઈ તરંગ ઉછાળે છે, પવનને સુસવાવે છે અને એમ કોઈ કોઈ વાર વડવાનલને ગુપ્ત રાખીને પણ પોતાની ગંભીરતા છોડે છે અને પોતાનું ઉગ્ર સ્વરૂપ દેખાડે છે. તેમ આત્મારામજી પણ વ્યાકરણ ભણવામાં, પોતાના સાધ્ય તરફ કૂચ કરવામાં કોઈ કોઈ વાર અડગ અને ઉગ્ર બની જાય છે.

એટલે જ એઓ પ્રતિજ્ઞા કરે છે કે :—

“ मैं अपनी शक्ति अनुसार भव्य जीवों के आगे सत्य सत्य बात प्रगट करूंगा, जीनको रुचेगा बोह ग्रहण कर लेवेगा, जीसको न रुचेगा उसकी सत्यके खातर मैं परवा न करूंगा।”



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

• છતાં તેઓ વ્યવહારકુશળ છે. એ કુશળતા આત્મવંચના માટે નહિ પણ આત્મિક તૈયારી માટે રખાય છે. તેમનો વિનય હાર્દિક છે છતાં કોઈને પણ સાફ સાફ કહી દેતાં તેમને આંચકો આવતો નથી. એમના પૂજ્યને આડા ફરીને પોતાની પૂજક બુદ્ધિ બતાવતાં, વિનયથી વંદણા કરીને પરસ્પર ભક્તિ–પ્રેમ વધે એવું સાચું વર્તન એ આદરે છે; પણ જ્યારે પૂજ્ય એમનો દોષ કાઢે છે અને આલોચના લેવા કહે છે ત્યારે એમનો સ્વતંત્ર સ્વભાવ કકળી ઊઠીને એમને સુણાવી દે છે કે :– " કાં તો આપના શ્રાવકો આલોચના લે અને કાં તો આપ લ્યો; હું દોષિત નથી; "

આમ વિનય, વ્યવહારકુશળતા અને સ્વતંત્રતા એ એમનાં સ્વભાવનાં લક્ષણો છે, એક સત્યાગ્રહીને છાજે તેમ એ પૂજ્ય અમરસિંઘજી સાથે વિનયવર્તન આદરે છે, પણ જ્યારે અસત્‌ની વાત આવે છે ત્યારે એ એટલી જ નીડરતાથી વિવેકપૂર્વક સાચી હકીકત સંભળાવી દે છે.

એમનો આત્મા સ્વતંત્રતાનો ભૂખ્યો છે. સાચી ભૂખ પોતાની બુધ્ધિનો ઈજારો કોઈને આપે નહિ. તે ખૂદ ભગવાનનાં વચનને પણ કસોટીએ ચડાવે અને તેમાં કંઈ પણ દોષ ન આવે, તો જ માને; કારણ કે ભગવાનનાં વચનોમાં પણ કોઈક વાર કોઈએ ભ્રમ ઊભો કર્યો હોય અને તેનો ખોટો અર્થ કર્યો હોય તો ?

એટલે સાંપ્રદાયિક ચીલે ચાલવાનો રાહ તો એવા આત્માનો સ્પર્શ કરી પણ શકે નહિ. એટલે જ તે એક સાધુને કહી દે છે કે :—

**' मैं कोई गुरुका, दादागुरुका बंधा हुवा नहि हुं: मुजे तो महावीरस्वामीके शासनको शाखोका मानना ठीक है । यदि कीसिके पिता, पितामह कूपमें गीरे हुवे तो क्या उसके पुत्रको भी कूपमें गीरना चाहिये ? "**

એ જ અડગ સ્વતંત્રતા મેજરનામાને ઉડાવી દે છે અને ગુરૂને શાંત પાડતાં આશ્વાસન દે છે કે :—

**" कूच चिंता नहि. आप फीकर मत करो, मैं मेरा संभाल लउंगा । "**

એ જ સ્વભાવ છેવટ સુધી રહે છે અને તપગચ્છમાં આવ્યા પછી તે સંઘના સઘના સાધુઓને અને અગ્રેસરોને કહી દે છે કે : —

**" रुढिओने हु तपगच्छनी समाचारी मानवा तैयार नथी । "**

આમ એમનો અસંતોષ અને સ્વતંત્રતા છાનાં રહેતાં નથી, ઢાંકયાં રહે તેવાં લાગતાં નથી. છેવટે એમને બળવાની તૈયારી કરીને ખુલ્લો વિરોધ કરવો પડે છે એ વિરોધને માટે તૈયાર થઈ, તેની સામે ગમે તે મુશ્કેલીઓ આવે તે સહવા પોતે તૈયાર થઈ જાય છે.

બળવાની હિંસાથી એ ત્રાસી ઊઠે છે, અને પરિણામે એમની વૈરાગ્યભાવના ઉત્કટ થાય છે. પણ એથી તે શુષ્ક, આધ્યાત્મિક એકલતાની ઓથે જવાની સાફ ના પાડે છે. એને હૈયે તો જાગે છે શાસન–ઉદ્ધારના કોડ, અને એને ખાતર એ વ્યવસ્થાના પગરણ માંડે છે. એમને એકલાને આત્માનો ઉદ્ધાર જોઈતો નથી, એમની ઈચ્છા તો બને એટલાને " શાસન–રસી " કરવાની થાય છે. નથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમનામાં શુષ્ક ક્રિયાજડતા આવતી કે નથી એમનામાં શુષ્ક જ્ઞાનજડતા ઉત્પન્ન થતી. એટલે જ એ શ્રાવક અને સાધુઓની ધાર્મિક ક્રિયાના શુદ્ધ આથડી બને છે અને શાંતિસાગરને તેમજ હુકમ મુનિને નિરુત્તર કરી દે છે.

એ યુગ એટલે નવા નવા પંથોનો જમાનો, ખંડન-મંડનનો કાળ, એમના પર એની અસર પ્રબળપણે થાય છે. હિંદુત્વને, આર્યત્વને શુદ્ધ કરવા જેમ દયાનંદ ખંડન-મંડનની હાકલ કરે છે તેમ જૈનશાસનને ઉદ્ધારવા આત્મારામજી પણ એવો જ પડકાર કરે છે. એમનો પડકાર એકલા સ્થાનકવાસી સામે જ થતો નથી, પણ એમની યુક્તિઓ સર્વ ધર્મોને દઝાડે છે. વળી એ જૈનશાસનમાંથી યતિવર્ગને, શિથિલાચારી મૂર્તિપૂજકોને તેમ જ અમૂર્તિપૂજકોને, હુકમ મુનિઓને અને શાંતિસાગરોને પણ વીણી વીણીને ખંડન-મંડનની યુક્તિથી ઢીલા કરી નાંખે છે.

પણ એ શાસ્ત્ર ખંડનથી જ અટકીને ઊભા રહેતા નથી. મકાન પાડવાનું કામ જેટલું સહેલું છે તેથી કઠણ મકાન ચણવાનું છે અને એથી યે વધારે મુશ્કેલ કામ તો છે સારું જૂનું સાચવીને તેની સાથે કે ઉપર નવું ચણતર ઊભું કરવાનું. આત્મારામજીએ ખાસ નવું કાંઈ કર્યું નથી, પણ જૂનું સારું સાચવી રાખીને, નકામું ને નબળું પાડી નાંખીને તેને સ્થાને નવું ચણતર જરૂર જોગું ઊભું કરવાનો સબળ પ્રયાસ સેવ્યો છે.

એમનો સમક્તિશલ્યોદ્ધાર ગ્રંથ કે એમનો અજ્ઞાનતિમિરભાસ્કર ગ્રંથ ખૂબ યુક્તિથી ભરેલા ખંડનનાં ઉદાહરણ પૂરાં પાડે છે, તો એમનો તત્ત્વનિર્ણયપ્રાસાદ ખંડન ઉપર નિર્ણયાત્મક મંડન કરે છે. અને એમના જૈનતત્ત્વાદર્શ તો ખંડન-મંડન ઉપરાંત વ્યવહારનો પણ ઉત્તમ ગ્રંથ થઈ પડે છે.

એ ગ્રંથનો કેટલોક ભાગ એટલો સુંદર છે કે તેના લેખકને જૈનશાસનના અર્વાચીન મનુ કહીએ તો જરા ય અતિશયોક્તિ ગણાય નહિ. શ્રાવકના-ગૃહસ્થ ધર્મના આચારવિચાર અને રહેણીકરણી, તેમ જ સાધુતાના આચારવિચાર અને તે સર્વ વ્યવહાર સાથે તત્ત્વના મેળવી ગુંથણીમાં એમનું અનેકાંગી જ્ઞાન, વિશાળ વાચન અને મનન તેમજ શાશ્વત ધર્મ સાથે મેળ ખાતી સાચી વ્યવહારકુશળતા એ સર્વે એ ગ્રંથના રચનારના બૌદ્ધિક, વ્યવહારુ, તાર્કિક અને સંયુક્તિક વ્યક્તિત્વની પ્રબળ છાપ તટસ્થ વાચનાર પર પણ પાડ્યા વિના રહેતાં નથી.

મુંબઈ વિગેરે સ્થળોના વિરોધને પી જઈને એ શ્રી વીરચંદ ગાંધીને અમેરિકા મોકલે છે.

એમાં પણ એમની શાસન-સેવાની ધગશ અને નીડરતાથી એમની નસે નસ તરબોળ થઈ રહી હોય એમ દેખાય છે.

એ જ મહિનામાં એક અંગ્રેજી ભણેલા યુવકને જૈન તત્ત્વના નિશ્ચયનય અને વ્યવહારનય બેલડીનો આખો સાર ગળે ઊતારી દઈ, તેને જગતની સર્વ ધર્મ પરિષદ માટે તૈયાર કરવો અને તેમાં યશપ્રાપ્તિની ઇચ્છા વગર પણ અઢળક યશ કમાવો એ જેવી તેવી બુદ્ધિપ્રતિભાનું-જેવા તેવા વ્યક્તિત્વનું કામ ન હોય !

યૂરોપીય વિદ્વાનોની શંકાનાં સમાધાન પણ એટલી જ કુશળતાથી એ કરે છે અને જૈનમત, બૌદ્ધમતની શાખા નહિ પણ એક ભિન્ન સનાતન ધર્મ-શાસન છે, એમ સાબીત કરી શકે છે, એ એમના વ્યક્તિત્વની જ્ઞાનસમૃદ્ધિનાં દર્શન કરનારને સાનંદ સંતોષ આપી રહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન સાધુની નમ્રતાનાં અને સ્વતંત્રતાનાં તો એ વ્યક્તિમાં આદર્શ દર્શન થાય છે. ધ્રાંગધ્રા-વાળા બે અનાણગાઓને દીક્ષા દેતા તેમને બહુ જ પસ્તાવો થાય છે અને તેમાં તેમ જ અન્ય પ્રસંગે પોતે પોતાની અપૂર્ણતા–પોતાના શબ્દોમાં નાલાયકી અને તુચ્છ બુદ્ધિ–કબૂલે છે, તે પણ કેવળ વ્યવહાર કે સભ્યતા ખાતર કે અમદાવાદના અગ્રણીને રાજી કરવા ખાતર નહિ પણ સાચે દિલે પોતાના આત્માને સંતોષવા પણ એ જ નમ્રતાનો નિશ્ચયાત્મક નિરધાર બાબુ બદ્રીદાસજી જેવા ધનપતિની નમ્ર અરજ પણ ફેરવી શકતો નથી. આજના મુનિરાજો આ બે ગુણોનો, ભૂલ માટે શ્રાવકને શું ? ગમે તેને **મિચ્છામિ દુક્કડં** દેતા અચકાય નહિ અને સાચા સ્વતંત્ર નિરધારને ગમે તેવા ધનપતિની શેહમાં તણાઈને પણ ફેરવે નહિ–એવા સ્વભાવનો–સમન્વય કરે તો આજની કેટલી ય અરાજકતા એની મેળે નાશી જાય. આત્મારામજીની ઇચ્છાશક્તિ, નિરધારપાલન અને કઠણ વિનયરક્ષા જો આજ હોય તો જૈનશાસનમાંથી, શ્રાવકો સાધુને પંપાળે અને સાધુઓ શ્રાવકને પંપાળે એ લાચાર સ્થિતિ પલટાઈ જઈ જૈનશાસનનાં તેજ ઔર ઝળહળી ઊઠે.

બાબૂજી પોતે જ કહે છે કે :—

“ મને તો મહારાજજીની નિશ્ચયાત્મકતા જોઈ બહુ જ આનંદ થયો. આવા નિશ્ચયબળવાળા અને શ્રીમંતોની પરવાહ નહિ રાખનાર મુનિનાં દર્શન ખરેખર વિરલ હોય છે. અમારી લાગવગથી કે ભક્તિથી ચલિત થઈ જાય તે મુનિઓ શું પરાક્રમ કરી શકે ? મને તો આત્મારામજીનું નિશ્ચયબળ જોઈને બહુ જ સંતોષ થયો છે.

મુનિઓના આચારવિચાર માટે પોતે ખૂબ જ કડક રહે છે, એટલું જ નહિ પણ પોતાને વંદણા કરવા આવનારમાં પણ પોતે એટલી જ સંયમની–ખાનપાનની–કડકાઈ ઇચ્છે છે અને વ્યવસ્થા કરે છે. આજ વાંદવા આવતા મહેમાનો અને સાધુઓને એમનું વ્યક્તિત્વ સ્પષ્ટ કહી રહ્યું છે કે :—

“ વાંદવા આવે તેને માટે કે મહેમાનો માટે સાદું દાળ, રોટીનું જ ભોજન જોઈએ. ”

વચનની કિમ્મત, જે બોલાય તે પળાવું જ જોઈએ એવો આગ્રહ પણ તેમનામાં એટલો જ તીવ્ર છે, અને એમાં પણ સ્પષ્ટતા તરી આવે છે. ગુરુજી ના પાડશે એમ માનીને ઇચ્છા નહિ છતાં, ચોમાસાની હા પાડનાર એમના સરલ શિષ્ય મુનિશ્રી હર્ષવિજયજીને પોતે કહે છે કે :—

“ જો એવું હતું તો પહેલા હા કહેવી નહોતી. બોલતાં પહેલાં વિચાર કેમ ન કર્યો ? તમે ઘોઘાના ગૃહસ્થોને જે વચન આપ્યું છે તે પાળવું જ જોઈએ હવે બીજી વાર વચન કાઢતાં પહેલાં વિચાર કરજો. તમારા શબ્દોની તમે પોતે કંઈ કિમ્મત ન આંકો તો બીજાની પાસે તો એની ફુટી બદામ પણ કિમ્મત ન અંકાય. ”

પોતાની વચનગુપ્તિની કેટલી કિમ્મત ? એની કેટલી સબળ અને સફળ રક્ષા ?

જેટલી શબ્દની કિમ્મત એટલી વ્યક્તિત્વની પ્રતિભા, એ સૂત્રને જીવનમાં ઊતારવા માટે વચનગુપ્તિની સંભાળ રાખવાની અને રખાવવાની કેવી પ્રચંડ ઉદ્‌ઘોષણા ?

આપણે એમની છબીનાં દર્શન કર્યાં; આપણને એમની પ્રકૃતિની અને આત્મસ્વભાવની ઝાંખી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ થઈ ગઈ અને સાથે સાથે એમના અક્ષરદેહમાંથી પણ થોડુંક દર્શન આપણે કરી લીધું.

હવે એમના વિચાર–વ્યક્તિત્વનાં દર્શન કરવા એમના અક્ષરદેહને શોધીને તેમાંથી થોડુંક જ જાણીએ.

જૈનદર્શન અને જૈનશાસન માટે જ એમનું જીવન છે એ આપણે જોઈએ છીએ. જૈનદર્શનને એ પોતે "ષડ્ દર્શન જિન અંગ ભણીજે" એમ કહીને સર્વ દર્શનનો સરવાળો માને છે અને એમાં પોતે સ્યાદ્વાદ શૈલીનો આશ્રય લઈને આબાદ સફળ નીવડે છે. પણ જૈનશાસન માટેની એમની વ્યવહારુ ધગશ પણ એટલી જ તીવ્ર છે. એ પોતે માને છે કે શાસન વિના દર્શન પ્રત્યક્ષ કેવી રીતે થઈ શકે ? તેથી જૈન શાસન માટે, તેની પુનર્રચના કાજે, તેના, સંરક્ષણ અને સંગઠન માટે ખૂબ ખૂબ આજ્ઞાઓ આપે છે અને પળાવે છે.

જૈનશાસનની દશા માટે પોતે કહે છે કે :—

**' जैनियोमें-विद्याका जैसा चाहिये वैसा प्रचार और प्रेम नही है, ऐक्यता नही हैं, साधुओमें भी प्राय परस्पर इर्ष्या बहुत हैः यह व्यवहार जैनीओंका है, जैन धर्मका नही।"**

સંગઠન એમના વ્યાખ્યાન–ઉપદેશ–નો મુખ્ય સૂર છે. ખંડન–મંડનના મોરચામાં એ સાદ ન પડાય કે ન સંભળાય તો કોઈ સંઘ કે સમાજ પોતાની અસ્મિતા કે અસ્તિત્વ ટકાવી શકે નહિ. એટલા માટે તેઓ પોકારી પોકારીને કહે છે કે :—

**" अपणे सरीखी जीनकी सुवृत्ति होवे, उनके साथ एक चित्तमें सुख, दुःख, व्यसन कष्ट, राजउपद्रवादिमें बराबर संगठित रहे; गाम, नगर, देश) निवासीओंसे फूट न'ह, निःपक्ष हो के करे ।"**

આમાં પોતાની જાતિના જ નહિ પણ સાર્વજનિક સંગઠન ઉપર ભાર મૂક્યો છે. વળી પોતે આગળ કહે છે :—

**"अपनी जातिवालोंके कष्टकी अपेक्षा न करे, तथा सच्चा माननीयका मानभ्रंश न करे। दरिद्री पीडित, साधर्मिक जातिमें बुद्धि और गुणो करके बडा होवे उनकी पालना करे।"**

એમનામાં ખંડન–મંડનનું ઝનૂન છે એ ઝનૂન વાદવિવાદમાં ઉગ્ર બને છે, સામા પક્ષની દલીલો તોડી–ફોડી નાંખી ફેંકી દેવામાં શૂર બને છે અને જૈનદર્શનનું સત્ય પ્રતિપાદિત કરવામાં મસ્ત બની રહે છે; છતાં એમના સ્વભાવની શાંત સાત્ત્વિકતાને એ ઝનૂન અભડાવી શકતું નથી. પરમતાવલંબીના મતદર્શનને વિવાદથી જીતવા પ્રચંડ તાર્કિક અને અહિંસક ઝનૂની બનનાર આત્મારામજી પરમતવાળા સાથેનો વ્યવહારુ બોધ જુદી જ રીતે આપે છે, એમાં જ એમની જૈનદર્શનની સાચી અહિંસક શ્રદ્ધા ઝળકી ઊઠે છે. એ શ્રદ્ધાનો અત્યાર એમના તર્કવાદને સબળ સમર્થન આપી રહે છે. એ ઉપદેશમાં સત્યાગ્રહી ઉદારતાની–સમભાવી દયાભર્યા સૌજન્યની લહેરો ઊઠી રહે છે. તેઓ કહે છે કે ,—

**" परमतवालोंके साथ, परतीर्थी के साथ उचित व्यवहार करे, उचित कृत्यमें यथायोग्य दान करे, अन्यमतवालोंके साधु-संत आवे तो उनको उचित दान करें, भिक्षा देवे, आसन, दान देवें, उठकर सन्मान करें।"**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગળ વધારે સ્પષ્ટ કરતાં કહે છે કે :—

" परमतवाला कीसी कष्टमें पडा होवे, तदा उसका उद्धार करें, कामना पूंछनादि करें पीछे जो कार्य वो कहे सो कार्य उचित होवे तो पूरा कर देवे। दुःखी, अंधा, बधीर, रोगी, प्रमुख लोकोंकी पीडाकों यथाशक्ति मित्रभावसें प्रतिकार करे, क्योंकि जो श्रावकादि पूर्वोक्त लौकिक उचिताचरणमें कुशल नहिं होवे तो वो जिनमतमें भी क्यों कुशल होवे ? "

વર્ણ–વિભાગ કે જાતિ–ભેદ જૈનશાસનમાં છે જ નહિ; અહિંસાપ્રધાન ધર્મમાં એ હોઈ શકે નહિ. એટલા માટે તે કાળે પણ તેઓશ્રી સાચી હકીકત રજૂ કરતાં કહે છે કે :—

" અસભ્ય–હીન જાતિઓને–જે બૂરી માને છે તેમને અમે બુદ્ધિમાન કહેતા નથી, કારણ કે અમારો એવો નિશ્ચય છે કે બૂરાઈ તો ખોટાં કર્મ કરવાથી થાય છે. જો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, બૂરાં કામ કરે તો તેમને અમે પણ અવશ્ય બૂરા માનશું; નીચ ગોત્રવાળા સાથે જે ખાનપાનનો વ્યવહાર રાખતા નથી, તે તો માત્ર કુળ–રૂઢિ છે. એ લોકોની જે નિંદા કરે છે તે ખરા અજ્ઞાની છે. તેમને જે અસ્પર્શ્ય માનવામાં આવ્યા છે, તે પણ કુલાચાર જ છે. "

વળી પોતે જૈનધર્મને માનતી જાતિયોના અરસ્પરસ વર્ણાચાર વિષે કહે છે કે :—

" जातिका मद करना अच्छा नहि है। जितने मनुष्य जैन धर्म पालते होवे तिन सब के साथ अपने भाइसे भी अधिक प्यार करना चाहिये, जिससे साथ खानेपीने की जैन शास्त्रानुसार कुछ अडचण मालूम नहि होती है। "

વર્ણ–ભેદ વિષે વધારે સ્પષ્ટપૂર્વક અને ભારપૂર્વક માત્ર જૈનો માટે જ નહિ પણ સર્વ માટે કહે છે કે :—

' इस कालके वैश्य लोक अपने समान कीसी दूसरी जातिको नहि समजते है, यह अडचल है। "

', जैन शास्त्रोमें तो जिस कामके करनें से दूपळ लगे सो बातकी मनाइ है। अबभी कोई समर्थ पुरुष सर्व जातियोंको पक्ष.टी करे तो क्या विरोध है ? "

' जो अपनी जातिको उत्तम मानते हैं, यह केवल अज्ञानसे रूढि चली हुइ मालूम होती है। "

જીવનમાં નીતિ અને વ્યવહારશુદ્ધિ વિના બધું નકામું છે, એમ સાચા ધર્માથી સુધારકને લાગ્યા વિના રહેતું નથી. સાચો સુધારક પ્રથમ નીતિ અને વ્યવહારશુદ્ધિ માટે જ તૈયારી કરે છે અને પછી પોતે પોતાનું વિશેષ કહેવાનું કહે છે. નીતિ અને કડક વ્યવહારશુદ્ધિ એ આત્મધર્મનો પહેલો એકડો છે. એટલા માટે જ આત્મારામજી વેપારની વાત કરતાં, પહેલી એક ચેતવણી આપી દે છે કે :—

" क्षत्रिय जातिका व्यापारी राजा प्रमुख होवे तिसके साथ व्यापार न करें। धर्मी जनोंसें ही व्यवहार-व्यापार करना चाहिये। "



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યારપછી પોતે વ્યવહારશુદ્ધિ માટે ઉદ્‌ઘોષણા કરે છે કે :—

**"सचे श्रावक न्यायसें झघडा मिटावे, निर्लोभी पक्षपात रहित होवें।"**

વ્યવહાર ને વ્યાપાર માટે જૈનશાસનના ઉપાસક વેપારીઓને પોતે સાદ પાડીને સંભળાવે છે કે :—

**"दुर्भिक्षे अन्नको अधिक भाव न लेवें, अधिक व्याज न लेवे, कीसीका गीर पडा धन न लेवें, खोटा तोल, खोटा माप, न्यूनाधिक वाणिज्य, रसमें भेल-संभेल न करे, वस्तुका अनुचित मौल न लेवें, अनुचित व्याज न लेवे, घसा हुआ खोटा रुपकादि कीसीको खरे मे न देवें, दुसरोके व्यापारमें भंग न करे, ग्राहक न बकावे, वानकी और न दीखावे, परवचनपणाको वर्जे, परवचन के साथ वेपार-व्यवहार-न करें, झूठ सर्वथा न बोले और न्यायसें धन उपार्जन करे।"**

આ વ્યવહાર અને વ્યાપારશુદ્ધિ માટે સાદ પાડીને તેની માનવતા માટે કેટલી આવશ્યકતા છે તે સમજાવતાં કહે છે કે :—

**"व्यवहारशुद्धि जो हैं सो ही धर्मका मूल है; जिसका व्यापार शुद्ध है उसका धन भी शुद्ध हैं, जिसका धन शुद्ध है उसका आहार शुद्ध है, जिसका आहार शुद्ध हैं उसकी देह और वृत्ति शुद्ध हैं, जिसकी देह और वृत्ति शुद्ध हैं वो धमके योग्य हैं। जो व्यवहार-शुद्धि न पाले, व्यापार शुद्ध न करे वो धर्मकी निंदा करनेमें स्वपरको दुर्लभबोधि करते हैं।"**

દેહધારી માનવી તરીકે, ગુરુ તરીકે, સુધારક તરીકે, ખંડન–મંડનના એક કર્ણધાર તરીકે, સાધુ તરીકે, આત્મારામજીના વ્યક્તિત્વની ઝાંખી–તેનાં અપૂર્ણ દર્શન–થઈ રહ્યાં. એ દર્શન પણ પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષ રીતે કરવાનું જ આપણા ભાગ્યમાં લખાયલું છે, અને તે પ્રમાણે એમની છબી, એમનો અક્ષરદેહ અને એમના જીવનચરિત્રો પરથી એમના વ્યક્તિત્વના દર્શન આપણે કર્યાં.

એ દર્શનમા પ્રતિભા. પ્રતાપ અને શક્તિ, તેજસ્વિતા, તર્ક અને યુક્તિ ઝળહળે છે. એ ઝાંખીમાં શાસનસેવા, કાર્યતત્પરતા, અભ્યાસનાં ઊંડાણ, તલસ્પર્શી વિચારશ્રેણી અને રહેણી–કરણીની એકરૂપતા પ્રકાશી રહે છે, અને એમ એમનું વ્યક્તિત્વ અસામાન્ય સુધારકતાથી, નિડર વક્તૃત્વથી, દૃઢ નિશ્ચયબળથી, સાદા સંયમથી, મહાવીરદેવ પ્રત્યેની સાચી શ્રદ્ધાથી તેમ જ ઉદારતા, વ્યવહાર-કુશળતા અને વ્યવહારશુદ્ધિની અખૂટ ખેવનાથી ખીલતું દેખાય છે.

છતાં એમનો લાભ જૈનશાસને બહુ ઓછો લીધો છે–લઈ શકાયો છે, કારણ કે એવા વ્યક્તિ-ત્વની પૂરી ઓળખાણ અને તેનો પૂરેપૂરો લાભ ઊઠાવવાની શક્તિ કે પાત્રતા તે વખતના સંઘમાં ન હતી, ખરી રીતે આજની અરાજકતાનાં તે કાળે બીજ વવાઇ ચૂકયાં હતાં. આત્મારામજીના સમર્થ વ્યક્તિત્વે તો થોડીકવાર આભને થોભ દઈ એ પતન અટકાવી રાખ્યું અને એમ કોઈ ભાવી આત્મારામનું એ સાચું માર્ગદર્શક થઈ ગયું.

કેટલીક વાર ઓછી શક્તિની કે ઓછી પાત્રતાની સેવા સ્વીકારતાં સેવકને પોતાની શક્તિને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગોપવવી પડે છે અને એ ગોપનને પરિણામે એ શક્તિઓનો વિકાસ અને પમરાટ અટકે છે. આત્મારામજી મહારાજને પણ એમ જ થયેલું; નહિ તો તેઓ ઔર ઝળકી ઊઠત.

છતાં જેટલી સંયોગોને વશ કરવાની તેમનામાં ત્રેવડ દેખાય છે તેટલી તેમને પલટાવીને જુદું જ સ્વરૂપ આપવાની પ્રતિભા ઝળકતી નથી. સંયોગોને અનુકૂળ બનાવી, પાત્ર પ્રમાણે દાન દેવ ઝરમર ઝરમર વરસવાની જેટલી તેમનામાં ઝલક જણાય છે તેટલી મુશળધાર વરસી, જે આવે તેને ઉથલાવિ-ઘસડી-ઢસડી-તાણી જવાની પ્રચંડતા માલૂમ પડતી નથી.

અને તો પણ એમનું વ્યક્તિત્વ નીરખનારનાં મનમાં "તો" ઠીકઠીક ખડો થઈ જાય છે.

'જો તેઓ ખંડન-મંડનમાં ન પડ્યા હોત તો?' 'જો તેઓ વાણીયા, વેપારીઓના પૂજ્ય ન બન્યા હોત તો?' 'જો તેઓ આજના આંધી યુગમાં જન્મ્યા હોત તો?'

પણ એ 'તો' ની ઉત્તર આપવાની માનવીની શક્તિ ન હોય, અને એવા 'તો' ની કલ્પનામાં રાચવાની તેને જરૂરે ય ન હોય.

વ્યક્તિ જે કાળે અવતરી, ઊગીને ઊભી થઈ તે કાળ પ્રમાણે તેનું વ્યક્તિત્વ કેટલું વિકસ્યું તે જોવાનો જ આપણને અધિકાર છે. એ વ્યક્તિત્વ આપણે આજ પરોક્ષ રીતે જાણીને જોઈએ છીએ તેવું છે. એની ઝાંખી આપણ અધિકાર પ્રમાણે આપણે કરી શકીએ તેવી છે.

એમના વ્યક્તિત્વમાં ભડ-ભડ બળતા અને લાવાથી બાળી દેતા જ્વાળામુખીની પ્રલય-પ્રચંડતા નથી. પણ ફાટફાટ થતા ભૂકંપની વિનાશકતા છે; એમાં જે આવે તેને બાળીને ખાખ કરી નાંખે એવો ઉનાળાના મધ્યાન્હ સૂર્યનો ઘામ-ધખારો નથી, પણ ઠંડીને દૂર કરી, વાદળાંને ધીમે ધીમે વીખેરી, ઝાકળ ને ધુમ્મસને શોષી લેવાની બાલ-રવિની ધીમે વધતી મક્કમ ગરમી છે; એમાં બરફની શિલાને ઘસડતા, પથ્થર પહાડ ને ખડકને વિદારતા, ઉપરથી નીચે પાતાળ ફોડવા ધોધ છોડતા, મોટા મેદાનની રેતીને ઘસડી જતા અને તેની પથરાળી ભૂમિને લીલીછમ બનાવવા તેના પર વિશાળકાંપના થરના થર પાથરી દેતા અને અનેક હસ્તે સાગરને ભેટતા મહાનદની પ્રખર વિશાળતા નથી. પણ કાંટાને ઘસડતી, ઝાંખરાને ઢસડતી, ખડક વચ્ચે થઈને ધીમો માર્ગ કાપતી, કેકના મેલ હરતી, પાસેનાં ખેતરોને નહેરો જેવા નાના હાથવડે પાણી પાતી અને જરૂર પડયે કોઈ કોઈ વાર તોફાનથી ગાજતી અને સાગરને-ધ્યેયને, એકલીનતાથી શાંતિપૂર્વક ભેટતી નદીની મીઠી પ્રબળતા છે; એમાં એમા એક તડાકે કે એક તીરે હરિફને હરાવવાની સચોટતા નથી, પણ એક પછી એક તીર છોડી વાદીને હંફાવવાની સાચી શૂરવીરતા છે.

આપણે એ પરમ દર્શનથી ધન્ય ત્યારે જ બનીએ કે જ્યારે એમનું કર્યું. કાંઈક કરીએ, આપણે એમની શતાબ્દિ ત્યારે જ ઉજવી કહી શકીએ કે જ્યારે એમની સુધારકતા, ઉદારતા અને સંગઠન-ઝંખનાને પાર પાડી શકીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરનર આત્મારામ

( પંડિત શ્રી સુખલાલજી )

યશોવિજય ઉપાધ્યાય પછી શ્રુતાભ્યાસ પ્રાયઃ બંધ પડયો હતો. આત્મારામ મહારાજે એ શરૂ કર્યો અને બહુશ્રુતપણાનું સ્થાન સંભાળી લીધું. એ લગભગ દોઢસોથી બસો વરસના ગાળામાં, શું શ્વેતાંબરમાં કે શું દિગંબરમાં આત્મારામજી મહારાજ એક મહાન વિભૂતિરૂપે આપણી નજર આગળ તરી આવે છે. શ્રદ્ધામાં અડગ હતા, શાસન પ્રત્યે એમના દિલમાં જાજ્વલ્યમાન દાઝ હતી; એટલું જ કહેવું બસ નહીં થાય. એમણે બુદ્ધિનાં બારણાં સાવ ખુલ્લાં રાખ્યાં હતાં. જેટલું જ્ઞાન મેળવી શકાય તેટલું મેળવવું એ એમનો પ્રધાન પુરૂષાર્થ હતો. એમણે શાસ્ત્રવ્યાયામની કસોટીએ પોતાની બુદ્ધિને જીંદગીભર કસી. એમના વખતમાં આજની જેમ શાસ્ત્રના ગ્રંથો આટલા સહજ, સુલભ ન હતા, છાપેલાં પુસ્તકો બહુ ઓછાં હતાં. હસ્તલિખિત કોઈ ભાગ્યશાળીને જ અધ્યયન અર્થે સાંપડતાં, એટલું છતાં આત્મારામજી મહારાજે, આજના જમાનાનો માણસ કલ્પના પણ ભાગ્યે જ કરી શકે, એટલાં અને એવાં પુસ્તકો—જૈન અને જૈનેતર ધર્મના મેળવ્યાં, એક નહીં, અનેક વિષયનાં મેળવ્યાં અને સમીક્ષકની નજરે બધાં વાંચી ગયા.*

એ વખતે જૈન સમાજમાં શુદ્ધ ઐતિહાસિક દૃષ્ટિ હજી તો પ્રવેશ પણ ન્હોતી પામી શિલાલેખો, તામ્રપત્રો અને ભૂગોળ તથા ભૂસ્તરવિદ્યાનો પણ ઇતિહાસમાં ઉપયોગ છે, બહુશ્રુતપણામાં તેને સ્થાન છે એ કલ્પના ન્હોતી જાગી; એવા સમયમાં એમણે ઐતિહાસિક દૃષ્ટિએ જૈન શાસનની મહત્તા, પ્રાચીનતા, સબળ યુક્તિઓ, પ્રમાણો આપી પૂરવાર કરી. એમનું વિશાળ વાંચન કોઇને પણ આશ્ચર્યમુગ્ધ બનાવી મૂકે, એમની અદ્ભૂત સ્મરણશક્તિ અને એમની ઉત્તર આપવાની સચોટતા એમના પુસ્તકોમાં પગલે પગલે દેખાય છે.

આત્મારામજી પરમ બુદ્ધિશાળી હતા, શક્તિસંપન્ન હતા અને તત્ત્વપરીક્ષક પણ હતા, પરન્તુ એ બધાં કરતાં વિશેષ તો એ છે કે તેઓ ક્રાંતિકાર પણ હતા. પૂજા, ભક્તિ અને સન્માનના ભાર નીચે દબાયેલા સામાન્ય માનવીમાં જે તાકાત નથી હોતી તે તેમણે બતાવી આપી છે. એમણે સંપ્રદાયબદ્ધતાની કાંચળી ફેંકી દેવાનું સાહસ કર્યું હતું તે જ બતાવી આપે છે કે તે શાંત ક્રાંતિકાર હતા. ક્રાંતિકારની પ્રેરણાએ જ એમને જુના ચીલે ચાલવાની ના પાડી. રૂઢીના ચીલા એમણે ભૂંસ્યા. ત્રીસેક વર્ષ વધુ જીવ્યા હોત તો એ ક્ષત્રિયોચિત ક્રાંતિ–વૃત્તિ એમને કઈ ભૂમિકાએ લઈ જાત તે નથી કલ્પાતું. સત્યના એ અડગ ઉપાસક હતા. સાચું લાગે તેજ કહેવું અને એ બાબતમાં મોટા ચમરબંધીની પણ શરમ ન રાખવી એ એમની પ્રકૃતિ હતી. પ્રતિષ્ઠા પણ એમને ચળાવી શકે એમ ન્હોતું.

* ઋગવેદના દલદાર ગ્રંથો મહારાજશ્રીએ ડૉ. હોર્નલ પાસેથી, વિલાયતથી મેળવ્યા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન શ્રુતનો જે વારસો હતો તે જ તેમણે સંભાળી રાખ્યો હોત તો પણ તેઓ બહુશ્રુત તરિકે ગવાયા હોત. પરંતુ એમણે તો વર્તમાન દેશ-કાળની વિદ્યાસમૃધ્ધિ જોઈ નવા સાધનો નીહાળ્યાં અને ભવિષ્યની જવાબદારી પણ વિચારી લીધી, એમનો અંતરાત્મા બેચેન બન્યો. પોતાથી જેટલું બને તેટલું કરવાનો નિર્ણય કર્યો.

પછી તો તેમણે વેદો વાંચ્યા, ઉપનિષદો જોયા, શ્રોતસૂત્રો, સ્મૃતિઓ અને પુરાણોનું પણ પારાયણ કર્યું. સામયિક નવું ઉદ્ભવતું સાહિત્ય જોયું. મૃત અને જીવિત બધી જૈન શાખાઓનું સાહિત્ય, એમનો ઇતિહાસ અને પરંપરાઓ જાણી લીધી. ત્યારબાદ પોતાને સ્વતંત્રપણે જે કંઇ કહેવાનું હતું તે કહી નાખ્યું. એમના કથનમાં શાસ્ત્રનો પ્રચંડ સંગ્રહ છે, વ્યવસ્થાની પ્રતિભા છે અને અભ્યાસની જાગૃતિ છે. એમણે જુના વારસામાં ઘણો નવો ઉમેરો કર્યો. દરેક આચાર્યપદે આવનાર એટલું કરે તો ?

આત્મારામજી મહારાજે બહુશ્રુતપણાની જે ભાગીરથી વહેવરાવી છે તે હવે નવી પરિસ્થિતિ જોતાં ગંગોત્રીરૂપ લાગે છે. સંપ્રદાયની ભૂમિકા ઉપર ઉભા રહી તેમણે જે સંશોધન વૃત્તિ તેમજ ઐતિહાસિક વૃત્તિ દાખવી છે તે ભાવી સંશોધકો અને ઇતિહાસીકોને નવો મહેલ બાંધવા માટે પાયાની ગરજ સારે છે, એમના અજ્ઞાનતિમિરભાસ્કર ઉપર વિશેષ કામ કરવા ઇચ્છનાર પ્રૌઢ સંશોધક અને ઐતિહાસકને પુષ્કર અવકાશ છે.

# શોકાંજલિ

આપણી સભાના પેટ્રન સાહેબ અને મુંબઈ ઈલેક્ટ્રીક બજારના આગેવાન વેપારી શ્રી નવીનચંદ્ર રાયચંદ સંઘવી મુંબઈ મુકામે વૈશાખ શુદ ૧ (બીજી) તા. ૨૩-૪-૯૩ શુક્રવારના સ્વર્ગવાસી થયા છે.

સદ્ગત ધર્મ પરાયણ અને સાહિત્ય પ્રત્યે રૂચી ધરાવતા હતા.

તેમના નીધનથી આપણી સભાને ખોટ પડી છે, તથા તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ દુઃખમાં અમો ઉંડી સમવેદના પ્રગટ કરીએ છીએ.

પરમાત્મા તેમના આત્માને ચીર શાન્તી આપે તેવી પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વિજયાનંદસૂરી સ્વર્ગારોહણ શતાબ્દીનું ભવ્યાતીભવ્ય શુભારંભ તથા પદાલંકૃત મહોત્સવ સમારોહ

: લેખ મોકલનાર :

## પ. પૂ. નવિનચંદ્રવિજયજી મહારાજ સાહેબ

અનંતા–અનંતા મુનિભગવંતો જે પુણ્ય ભૂમિ ઉપર મોક્ષે સિધાવ્યા છે. અમૂલ્ય–અક્ષયપદને વર્યા છે……અને અનાગત કાલે અનંતા મુનિ મોક્ષે જશે, એ પાવન ધરા તિર્થાધિરાજ શ્રી શત્રુંજય ત્યાગી–તપસ્વીઓની પુણ્યભૂમિ શિલ–સદાચારથી મંહેકતી પવિત્ર ભૂમિ ઉપર પરમાર ક્ષત્રિયોદ્ધારક ચારિત્ર ચૂડામણિ, જૈન દિવાકર. શાસન શિરોમણિ આચાર્યશ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં ગુરુભક્તોના હૈયે વહેતી હર્ષ–ઉત્સાહની ઉર્મિઓ વચ્ચે ન્યાયામ્ભોનિધિ, વિશ્વવિંદ્ય વિભૂતિ પંજાબ દેશોદ્ધારક આચાર્યશ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ શતાબ્દીનું શુભારંભ પંજાબના સુશ્રાવક લાલા ખૈરાયતીલાલજી હસ્તે દિપક પ્રજ્વલિત કર્યું. દિપકની જ્યોત પ્રજ્વલિત થતાની સાથેજ શતાબ્દીનું ભવ્યાતિભવ્ય અને ઐતિહાસીક શુભારંભ થયો.

જિન શાસનમાં થયેલ આ મંગલમય અપૂર્વ પ્રસંગની અનુમોદનાર્થે ભારતના ખૂણે–ખૂણેથી ગુરુભક્તોનો વિશાળ જનસમૂહ હજારોની સંખ્યામાં ઉપસ્થિત થયો હતો. એ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી હિમ્મતભાઇ મૂલાણી. રેવેન્યુ મિનિસ્ટર શ્રી દલસુખભાઈ ગોદાણી, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી જયન્તિભાઈ વી. શાહ આદિ અનેક આગેવાન પ્રમુખ વ્યક્તિઓએ આવી મહોત્સવની શોભા વધારી.

શ્રી આત્મ–વલ્લભ–સમુદ્રની પરંપરાંમાં આ એક અવિસ્મરણિય પ્રસંગ ઉજવાયો. શ્રી વિજયાનંદસૂરી મહારાજની સ્વર્ગારોહણ શતાબ્દી મહોત્સવ પ્રારંભની અન્તર્ગત જિનશાસન પ્રભાવક પંન્યાસ પ્રવર શ્રી રત્નાકરવિજયજી મહારાજ, કાર્યદક્ષ પંન્યાસ પ્રવર શ્રી જગચ્ચંદ્ર વિજયજી મહારાજ તેમજ શાન્તિદૂત પંન્યાસ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજને આચાર્યપદથી અને મહા તપસ્વી શ્રી વસંતવિજયજી મહારાજને ઉપાધ્યાય પદથી અલંકૃત કરવામાં આવ્યા.

શત્રુંજયની એજ પાવન ધરતી પર વિ. સં. ૧૯૪૩માં ભારતમાં સમગ્ર જૈન સમાજે એકત્રિત થઈ મુનિશ્રી આનંદવિજયજી ( આત્મારામજી મ. ) ને આચાર્યપદથી અલંકૃત કર્યા હતા. તે પદવીદાન મહોત્સવ પ્રસંગે પાંત્રિસ હજારનો વિશાલ જનસમૂહના જયનાદ વચ્ચે આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ તરીકે નામ ઉદ્‌ઘોષિત થયુ.

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ બાદ એકસઠવીં પાટપરંપરા પર આચાર્યશ્રી વિજયહિંસસૂરિ થયા. ત્યાર બાદ કોઈ એવી પ્રભાવશાળી વ્યક્તિ ન થઈ કે જેને શ્રીસંઘ આચાર્યપદને યોગ્ય સમજે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૩૫ વર્ષો પછી જૈન સંઘને આચાર્યપદ માટે આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની તારક છત્ર-છાયા પ્રાપ્ત થઈ હતી.

તે જ કારણથી પૂજ્ય ગુરુદેવે તેમની સ્વર્ગારોહણ શતાબ્દીનું પ્રારંભ ગિરિરાજની પાવન ભૂમિથી કર્યું. આ શતાબ્દીનું પૂર્ણતઃ સમાપનનું મહોત્સવ સમારોહ પાવાગઢની પુણ્ય ભૂમિ ઉપર ઉજવાશે.

ત્રણ વર્ષ સુધી દેશ-નગર-ગામોમાં ઉલ્લાસપૂર્વક આ શતાબ્દી મહોત્સવ ઉજવાશે. ગુરુ આતમની આ સ્વર્ગારોહણ શતાબ્દી ગુરુ આત્મ-વલ્લભ-સમુદ્ર-ઇન્દ્રનો સમુદાય, સંઘ અને ભક્તવર્ગ માટે કેટલીયે આશાઓનું કિરણો લઈને આવી રહી છે. એ અનુપમ પ્રસંગે કેટલીક યોજનાઓનું ક્રિયાન્વિત કરવાની રુપરેખા થઈ રહેલ છે.

તારીખ : ૨૪-૪-૯૩, શનિ, વૈશાખ સુદ બીજના એ ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવવા માટે પ્રથમથી તૈયારી થઈ રહી હતી. પાલિતાણામાં રહેલ હાઇસ્કૂલના વિશાલ પટાંગણમાં પ્રોગ્રામનું આયોજન રાખેલ. બહારથી આવેલ મહેમાન ગુરુભક્તોને રહેવાની પણ વ્યવસ્થા ત્યાંજ રાખવામાં આવેલ. તે સમ્પૂર્ણ હાઇસ્કૂલનું નામ ' શ્રી વિજયાનંદ નગર ' રાખવામાં આવેલ.

આ સમસ્ત કાર્યક્રમ મહોત્સવનું આયોજન માટે એક સમિતિ યોજાઇ હતી. જેનું નામ ' શ્રી વિજયાનંદસૂરી સ્વર્ગારોહણ પ્રારંભ સમિતિ-પાલીતાણા ' રાખેલ. અને એ સમિતિના આયોજક શ્રી રાજેન્દ્રપાલ લુધિયાનાવાલા હતા. ભારતના ખૂણે ખૂણેથી ગુરુભક્તો અહીં તા. ૨૩-૪-૯૩ શુક્રવારના જ આવી ગયાં હતા, આ સમારોહ માટે સમિતિની વિશેષ વિનંતીથી આચાર્ય શ્રી ધર્મસૂરિજી મહારાજના સમુદાયના ગચ્છાધિપતિ સાહિત્ય કલારત્ન આચાર્ય શ્રીમદ્ વિજય-યશોદેવસૂરીશ્વરજી મહારાજ શિષ્ય-પરિવાર સાથે પધાર્યા હતા.

તા. ૨૪-૪-૯૩ શનિવારના પ્રાતઃ ૮-૩૦ વાગે ગુરુદેવ મુનિ-મંડળની સાથે પંજાબી ધર્મશાળાથી પ્રસ્થાન કરી ૯-૦૦ વાગે વિજયાનંદ નગરમાં આવી પહોંચ્યા.

ગુરુ આતમ, ગુરુ વલ્લભ, ગુરુ સમુદ્ર અને ગુરુ ઇન્દ્રના જયનાદોથી સમારોહનો પ્રારંભ થયો. પૂજ્ય ગુરુદેવે મંગલાચરણ કર્યું; મંગલાચરણ પછી પંજાબના બારવ્રતધારી સુશ્રાવક લાલા ખૈરાયતીલાલ દિલ્હીવાલાયે દિપ પ્રજવલિત કર્યું અને પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજના તૈલચિત્રને તેઓએ માલાર્પણ કર્યું.

ત્યારબાદ ઉત્કૃષ્ટ ચારિત્રશીલ પંન્યાસ શ્રી રત્નાકરવિજયજી મહારાજ, કાર્યદક્ષ પંન્યાસ પ્રવર શ્રી જગચ્ચન્દ્રવિજયજી મહારાજ તેમજ શાન્તિદૂત પંન્યાસ શ્રી નિત્યાનન્દવિજયજી મહારાજને આચાર્ય પદવી અને મહાતપસ્વી પંન્યાસ શ્રી વસંતવિજયજી મહારાજને ઉપાધ્યાય પદવીની શાસ્ત્રીય વિધિ પ્રારંભ થઇ, ૬૦ મિનિટ સુધી આ શાસ્ત્રીય વિધિ ગુરુદેવના નિર્દેશનમાં થઈ. ( આ વિધિ બાદ ચતુર્વિધ શ્રીસંઘને અક્ષત આપવા માટે ઇન્દ્ર-ઇન્દ્રાણી બનવાના ચઢાવા બોલવામાં આવ્ય. આ અક્ષત પેલા નૂતનપદવી ધારિયો ઉપર ત્રણ વખત ઉછાળવામાં આવે છે; આ અક્ષતની વધાઈ દ્વારા શ્રી સંઘ તેમને આશીર્વાદ આપે છે અને પોતાની અપાર પ્રસન્નતા વ્યક્ત કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇન્દ્ર–ઇન્દ્રાણી બનવાનું લાભ શ્રી આત્માનંદ જૈન મહાસભાના પ્રધાન શ્રી વી. શ્રી, જૈન ભાભૂ તથા તેમની ધર્મપત્નીએ લીધેલ.

પૂજ્ય ગુરુદેવ ને ત્રણે પંન્યાસ પ્રવરોને આચાર્ય પદવીથી અલંકૃત કરવાની સાથે જ તેમના નવા નામોની ઘોષણા પૂજ્યશ્રીએ કરી. પંન્યાસ શ્રી રત્નાકરવિજયજીનું નવું નામ આચાર્યશ્રી રત્નાકરસૂરીશ્વરજી મહારાજ જાહેર થયું. પંન્યાસ શ્રી જગન્દ્રવિજયજી મહારાજનું નવું નામ આચાર્યશ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મ. અને પંન્યાસ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજનું નવું નામ આચાર્યશ્રી નિત્યાનંદસૂરીશ્વરજી મહારાજ તરીકે જાહેર કરવામાં આવ્યું. તેમ જ મહાતપસ્વી પંન્યાસ શ્રી વસંતવિજયજી મહારાજનું નામ ઉપાધ્યાય શ્રી વસંતવિજયજી મહારાજ જાહેર થયું, તેમના નવા નામોની ઉદ્‌ઘોષણાની સાથે જ તેમના નવા નમોનું જય–જયકાર–જયનાદોથી સભા-મંડપ ગુંજી ઉઠયો.

પદવી અલંકૃત ક્રિયાપૂર્ણ થયા બાદ નૂતન આચાર્યને હિત શિક્ષા અને આશીર્વાદ આપતા સાહિત્ય કલારત્ન આચાર્ય શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજે કહ્યું કે– આચાર્યને તીર્થંકર તુલ્ય કહેલ છે, શાસનને નિભાવવાની, શાસનનું ભાર ઉપાડવાની મોટી જવાબદારી આચાર્યો પર હોય છે. આચાર્ય આચારનિષ્ઠ હોય છે. આજ હું અત્યન્ત પ્રસન્નતા અનુભવી રહ્યો છું કે અમારા શ્રી આત્મ–વલ્લભ–સમુદ્ર અને ઇન્દ્ર પરંપરામાં ત્રણ આચાર્ય થયા. આ સમુદાયની સાથે અમારું ખુબ નીકટનું સંબંધ છે. શ્રી આત્મ–વલ્લભ પરંપરા અને સમુદાયનું જૈન શાસનમાં વિશિષ્ટ સ્થાન અને અપૂર્વ યોગદાન છે. આ નૂતન આચાર્યો એ પરંપરાને વિશેષતર ઉજ્વલ બનાવી ગુરુદેવોના નામોને ચાર ચાંદ લગાવે. જૈનશાસનની પ્રભાવના કરતા થકા ઉન્નતિના શિખર પર પદાર્પણ કરે. આજના આ પતનશીલ યુગમાં તેઓ આચાર અને સંયમનિષ્ઠાનું નવું ઉદાહરણ બને એજ મંગલ કામના.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી મહારાજના ઉદ્‌બોધન પછી ત્રણ વરિષ્ઠ આચાર્ય શ્રીમદ્ વિજય-ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ, આ. શ્રીમદ્ વિ. જનકચન્દ્રસૂરિજી મ. તેમજ આચાર્ય શ્રીમદ્ વિ. યશોદેવસૂરીજી મ. ને કાંબળી વોરહવાનો ચઢાવો બોલાયો, જેનો લાભ પરમ ગુરુભક્ત શ્રીમાન ઉમાજી કરમાજી પરિવાર ભંદરવાળાએ લીધેલ. એ પ્રસંગે તેઓએ પાવાગઢમાં પણ જીવદયા માટે પાંચ હજાર એકસો એકની રકમ અનુકમ્પા દાન સ્વરૂપ આપવાની ઘોષણા કરી.

ત્યારબાદ નૂતન આચાર્યોની અનુક્રમે કાંબળી વોહરવાની ઉછામણી બોલાઈ. સર્વ પ્રથમ આ. શ્રીમદ્ વિજયરત્નાકરસૂરીશ્વરજી મ. ને કાંબળી વોહરાવાનું લાભ શાહ સેરમલજી બેડાવાળાએ લીધું. ત્યારબાદ આચાર્ય શ્રીમદ્ વિજયજગચ્ચન્દ્રસૂરિજી મ. ને કાંબળી વોહરાવવાનું લાભ દાનવીર સાદડી નિવાસી શાહ બાબુલાલ વાલચંદજી, શા. શાંતિલાલજી રાંકા આદિ સપરિવારે લીધેલ, અન્તિમ આચાર્ય શ્રીમદ્ વિજયનિત્યાનન્દસૂરિજી મહારાજને કાંબળી વોહરાવવાનું લાભ જાલન્દર નિવાસી શ્રી સુરેન્દ્રકુમારજીએ લીધેલ. અને નૂતન ઉપાધ્યાય શ્રી વસંતવિજયજી મ. ને કાંબળી વોહરાવવાનું લાભ શા. હસ્તિમલજી ભંડારી આદિ પરિવારે લીધેલ.

અત્યંત ઉત્સાહપૂર્વક–ઉદારતાપૂર્વક કાંબળીઓ વોહરાવવાના ચઢાવા બોલાઇ ગયા બાદ ચઢાવા લેનાર મહાનુભાવોએ નૂતન આચાર્યોને ઉપાધ્યાયજીને કાંબળી વેહરાવી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યારબાદ નૂતન આચાર્યોને સૂરી મંત્રનું પટ્ટ વોહરાવવાની બોલી બોલાઇ જેનો લાભ પરમ ગુરુભક્ત શ્રી સરદારીલાલ શિખરચંદ મુરાદાબાદવાળાએ લીધું. તેમજ પ્રવર્તિની સાધ્વીશ્રી વિદ્યાશ્રીજી મ. આદિ સાધ્વીવૃંદને કાંબળી વહોરાવવાનું લાભ શા; હસ્તીમલ ભંડારી પરિવારે લીધેલ.

આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ શતાબ્દી પ્રારંભ પ્રસંગે ગુરુભક્તોનું લોકપ્રિય 'પાક્ષિક પત્ર' 'વિજય ઇન્દ્ર સંદેશ' માં ગુરુ વિજયાનંદસૂરિના વિષે વિષેષ પરિશિષ્ટ કાઢયું હતું જેનું વિમોચન શિરોમણી શ્રી સંઘના દાનવીર પ્રધાન શ્રી રમેશકુમારજીએ કર્યું.

પ્રસંગે પધારેલા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી હિમ્મતભાઈ મૂલાણીએ પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતા કહ્યું કે–હું પૂ. આ. ગુરુદેવના દર્શન અને આશિર્વાદ લેવા માટે જ આ પ્રસંગે ઉપસ્થિત થયો છું. હું અસેમ્બલીનો સ્પીકર છું, તેથી મારે બોલવું ઓછું સાંભળવાનું અધિક હોય છે અને અહીં તો સંતોનું સમારોહ છે તે કારણથી અમો રાજનિતિજ્ઞોને તો સંતોનું આશિર્વાદ જ લેવા જોઈએ. અહિંસા અમારી ભારતિય સંસ્કૃતિનું પ્રાણ છે. ભગવાન મહાવીરસ્વામી અહિંસાના સંદેશવાહક હતા. તેમની અહિંસા આજપણ તેટલીજ મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. જેટલી પચ્ચીસ સો વર્ષ પહેલા હતી. જૈન ધર્મ અને સમાજમાં આજે પણ અહિંસાની પ્રતિષ્ઠા વિદ્યમાન છે. જૈન ધર્મ અહિંસક અને શાંતિપ્રિય રહ્યો છે, તે ક્યારે પણ કોઈ વિવાદ–ઝગડામાં નથી પડતો અને આજે પણ મહાવીરના બતાવેલ માર્ગે ચાલી રહ્યો છે તે જૈન ધર્મનું ભારતીય સંસ્કૃતિ ગૌરવ અનુભવે છે.

ગત મહાવીર જયન્તિના પ્રસંગે અમારા માનનીય મુખ્યમંત્રીએ ગુજરાતમાં સમ્પૂર્ણ ગૌવંશ હત્યા પ્રતિબંધ કાનૂન જલ્દી બનાવવાનું વચન આપ્યું છે. હું પણ તે માટે પૂરો પુરુષાર્થ કરીશ.

પાલીતાણા ક્ષેત્રના વિધાયક તેમજ રિવેન્યૂ મિનિસ્ટર શ્રી દલસુખભાઈ ગોદાણીએ પૂજ્ય ગુરુદેવ તેમજ બહારથી પધારેલ ગુરુભક્તોનું સ્વાગત કરતાં કહ્યું કે પાલીતાણાની પાવન ભૂમિ ઉપર આપ સર્વનું હું સ્વાગતુ તેમજ અભિનંદન કરું છું, અમારૂં આ પવિત્ર ક્ષેત્ર જૈનોનું સુપ્રસિદ્ધ અને મહાન તીર્થ ક્ષેત્ર છે, અહીં એકથી એક ચઢિયાતા ધાર્મિક અનુષ્ઠાનો સમ્પન્ન થાય છે.

આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિશ્વરજી મ. ના જીવન ઉપર પ્રકાશ નાંખતા આચાર્ય શ્રીમદ્ વિ. જનકચન્દ્રસૂરીશ્વરજી મ., મુનિરાજ શ્રી ધર્મધુરંધરવિજયજી મ., પ્રધાન શ્રી વી, સી. જૈન, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી જયન્તીભાઈ શાહએ મધુરવાણી દ્વારા શ્રોતાઓને પ્રસન્નચિત્ત કર્યાં.

આ પ્રસંગે આમંત્રિત અતિથિઓનું હાર્દિક સ્વાગત તથા અભિનંદન કરવામાં આવ્યું.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી હિમ્મતભાઈ મૂલાણીનું અભિનંદન શ્રી વી. સી. જૈને માળા તથા શાલ ઓઢાડીને કર્યું. રિવેન્યૂ મિનિસ્ટર શ્રી દલસુખભાઈ ગોદાણીનું સન્માન શ્રીપાલ બિહારે શાહ લુધિયાનાવાળાએ કર્યું. પૂર્વ કેન્દ્રિય મંત્રી જયન્તિભાઈનું સન્માન પરમ ગુરુભક્ત સાદડી નિવાસી શા. માંગીલાલજી ઓકચંદજીએ કર્યું, શતાબ્દી પ્રારંભકર્તા લાલા શ્રી ખૈરાયતી લાલજીનું અભિનંદન સંક્રાન્તિ ભક્ત શ્રી રઘુવીરકુમાર જૈને કર્યું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સમ્પૂર્ણ મહોત્સવ સમારોહમાં સાધર્મિક વાત્સલ્યનું લાભ લેવાવાલા શા. હસ્તિમલજી-ભંડારી આદિ પરિવારનું સન્માન સમિતિના સંયોજક મહામંત્રી રાજેન્દ્રપાલજીએ કર્યું.

આ સમસ્ત સમારોહના સુચારુ વ્યવસ્થાપક શ્રી આત્મ-વલ્લભ જૈન સેવા મંડળના અધ્યક્ષ શ્રી વાલચંદજીનું અભિનંદન સમિતિ તરફથી શ્રી દેવરાજજી ( નિટિંગ વર્કસ ) લુધિયાનાવાળાએ કર્યું. સમારોહનું માઇક સંચાલન શ્રી ઓમપ્રકાશ આચાર્યએ કર્યું.

સાધર્મિક વાત્સલ્યનું લાભ સાદડીનિવાસી શ્રી હસ્તીમલજી વિમલચંદજી ભંડારી પરિવારે લીધેલ,

સમારોહ પ્રસંગના અન્તે વિભિન્ન સંઘો તેમજ વિશિષ્ટ વ્યકિતયો તરફથી પૂજ્ય ગુરુદેવ તથા નૂતન આચાર્યોને કાંબળી વોહરાવી. તેની સૂચિ નિચે પ્રમાણે છે.

સર્વ પ્રથમ શ્રી આત્માનંદ જૈન મહાસભા ઉતરીભારત તરફથી શ્રી વી. ચી. જૈને કાંબળી વોહરાવી.

શ્રી વિજ્યાનંદસૂરી સ્વર્ગારોહણ શતાબ્દી સમિતિ તરફથી શ્રી રાજેન્દ્રપાલજીએ કાંબળી વોહોરાવી.

પાવાગઢ તીર્થ સમિતિ તરફથી તીર્થ પ્રધાન શ્રી રાજેન્દ્રપાલજીએ કાંબળી વોહરાવી.

શાદડી શ્રીસંઘ તરફથી શ્રી માંગીલાલજી ઓકચંદજીએ કાંબળી વોહરાવી.

બીજા પણ સંઘોના પ્રતિનિધિઓએ કાંબળી વોહરાવી. તેના પ્રમુખ

| | |
|---|---|
| શ્રી આત્માનંદ જૈન સભા લુધિયાના | શ્રી કૃષ્ણનગર જૈન સંઘ, અમદાવાદ. |
| ,, દિલ્લી | શ્રી જૈન શ્વેતાંબર મૂતિ. પૂ. સંઘ બટાત |
| ,, જાલન્ધર | શ્રી જૈન સંઘ, ખેડા |
| ,, મુરાદાબાદ | શ્રી આત્માનંદ જૈન સંઘ, બડૌદા |
| ,, સુનામ | શ્રી સાંજલપુર જૈન સંઘ, વડોદરા |
| ,, નકોદર | શ્રી કરચલિયા જૈન સંઘ, કરચલિયા |
| ,, મેરઠ | શ્રી લુણાસાવાડા મોટી પોળ જૈન સંઘ અમદાવાદ |
| ,, અમ્બાલા | શ્રી મામાજી પોળ જૈન સંઘ, વડોદરા |
| ,, કોટકપૂરા | શ્રી કારેલીબાગ જૈન સંઘ, વડોદરા |
| ,, જીરા | શ્રી શેઠશ્રી નવલચંદ સુપ્રતચંદ જૈન દેવકી પેઢી પાલી શ્રી સંઘ |
| ,, ગુડગાંવ | શ્રી આત્મવલ્લભ રત્નત્રયી આરાધના ટ્રસ્ટ. પાલીતાણા |
| ,, મુજફ્ફરનગર | શ્રી શાંતિનાથ જૈન ટેમ્પલ ટ્રસ્ટ, પૂના |
| ,, જમ્મૂ | શ્રી ઓસવાલ પોરવાલ સંઘ, પૂના |

( અનુસંધાન પેજ ૬૪ ઉપર )



For Private And Personal Use Only

# હું, તમે અને આપણે

—: લેખીકા :—
પ્રા. પ્રફુલ્લા આર. વોરા
૧૦૦૮, કૃષ્ણકુંજ, ડાયમંડચોક,
બહુચરાજીના મંદિર સામે,
ભાવનગર–૩૬૪૦૦૧

'હું', 'તું', 'તમે' જેવા સર્વનામોનો ઉપયોગ આપણે બોલવામાં વારંવાર કરીએ છીએ. દરેક સર્વનામ આમ તો બહુ સામાન્ય લાગે છે. કદાચ આમાં કોઈ વિશિષ્ટ લાગે એવી વાત દેખાતી નથી પણ જરા ઊંડો વિચાર કરતા તેના વિશિષ્ટ અર્થ આપણને જોવા મળે છે. તેમાં અનેક ગુઢાર્થો અને અર્થછાયાઓ જોવા મળે છે. આ શબ્દોમાં બોલનારના સ્વભાવગત લક્ષણો અને એની પાછળનો આશય છૂપાયેલાં છે.

એક વિદ્વાને જીવનને પ્રસન્ન બનાવવાના કેટલાક ઉપાયો જણાવ્યા છે. એમાં આ શબ્દો બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. કહેવાય છે કે નહીં બોલાયેલાં શબ્દોના આપણે માલિક હોઈએ છીએ અને બોલાયેલા શબ્દોના અન્ય માલિક હોય છે. બોલ્યા પછી એ શબ્દનો સામેની વ્યક્તિ પર જે પ્રતિભાવ થાય છે એ ઉપયોજેલા શબ્દની ઉપર આધાર રાખે છે. બોલતા પહેલાં વિચાર કરનારને પાછળથી પસ્તાવાનો વારો આવતો નથી. જ્યારે જ્યારે જે વ્યક્તિ વગર વિચાર્યું બોલે છે. ત્યારે પાછળથી ઊભી થનારી પરિસ્થિતિના ગુલામ બનવું પડે છે.

'હું' ને મહત્ત્વનો શબ્દ માનનાર તેની આસપાસ એવું અભેદ્ય કુંડાળું રચે છે કે એમાં કોઈ અન્ય પ્રવેશી શકતું નથી. 'હું' જ યોગ્ય છું અને હું જે કરું તે જ શ્રેષ્ઠ એમ વિચારનાર પોતાની દૃષ્ટિને સીમિત બનાવી દે છે. આપણી આસપાસ જ્યારે અગાધ અને અનેક અજાયબીઓ ધરાવનાર આ વિરાટ વિશ્વ રચાયેલું પડ્યું હોય ત્યારે અને જેની સરખામણીમાં આપણું અસ્તિત્વ કે વ્યક્તિત્વ માત્ર ટપકાં જેવું જ ગણાય એવું આ બ્રહ્માંડ હોય ત્યારે 'હું' 'હું' કરવું તે કેટલું યોગ્ય ગણાય? હા, એક વાત બરાબર છે કે પોતાની શક્તિને ઓળખી લેવી અને તેને વધુ વિકાસની દિશામાં આગળ વધારવી તે યોગ્ય છે. પરંતુ બીજાનાં અસ્તિત્વનો અનાદર કરીને કે અસ્વીકાર કરીને સંકુચિત દૃષ્ટિ રાખીને નહીં.

'તમે'ના પ્રયોગની અર્થછાયાઓ પણ વિચારવા જેવી છે. અનેક અર્થો અને ભાવછાયાઓ માત્ર આ બે જ અક્ષરના 'તમે' શબ્દમાં છે. જ્યાં 'હું'નું મહત્ત્વ ઘટાડી 'તમે'નો સ્વીકાર કરવાની પરિસ્થિતિ સર્જાય ત્યાં સુધી તો સારું જ છે. સ્વાર્થ કે સ્વકેન્દ્રીય પરિમિતિમાંથી બહાર આવીને પરિસ્થિતિનો પરામર્શ પારખી લેવાનું ઉચિત છે જ. 'હું' અને 'તમે'નો સેતુ રચીને જગતને જોડાવાનો પુરુષાર્થ કઠિન છે,

કેટલીક વખત લોકો બીજા પાસે જ બધું કાર્ય કરાવવા કે બીજાનો લાભ લેવાના સ્વભાવવાળા હોય છે. તેઓ હંમેશા 'તમે'નું જ પ્રયોજન કરતા હોય છે. તેમાં જ ગર્વ લેતા હોય છે. "આ કામ તમારું છે—મારૂં નહીં," આમ બોલી ને તે બીજાને જ જવાબદાર ગણતા હોય

છે. 'તમે'નો આ પ્રયોગ તે શબ્દ બોલનાર વિષે ઘણું કહી જાય છે. તેનામાં અહમ, અક્કડાઈ કે આળસને છતી કરે છે, પોતે બીજા કરતા ચડિયાતા છે એવું લાગે છે 'તમે'નો એ રીતે સ્વીકાર કરવો જોઈએ કે જેનાથી સામેની વ્યક્તિનું સન્માન જળવાય, તેનું મહત્ત્વ રહે.

ત્રીજો મહત્ત્વનો શબ્દ છે "આપણે"–આપણે શબ્દનો પ્રયોગ કરનારના ચહેરા પર પ્રસન્નતાની રેખાઓ અંકાઈ જાય છે અને તેની આંખોમાં સામેની વ્યક્તિ સાથે પોતાનો સહકાર પણ દેખાય છે ત્યારે સામેની વ્યક્તિમાં સહયોગના આવિષ્કારની આભા જોવા મળે છે. તેનો હાથ સમાજના સહકાર માટે પ્રેમથી લંબાયેલો જોવા મળશે. આવી વ્યક્તિનું પ્રત્યેક પગલું પ્રગતિના પંથ તરફ પ્રયાણ કરતું હશે. "આપણે" શબ્દનો પ્રયોગ કરતાં જાણે બોલનાર વ્યક્તિના હોઠ સામેની વ્યક્તિના હૃદય સુધી પોતાની વાત પહોંચાડવા માટે ઉત્સુક હોય છે.

કોઈ કામ કરવાનું હોય ત્યારે 'હું જ કરીશ' કે 'તમે જ કરો' એમ કહેવાને બદલે "ચાલો આપણે કરીએ" તો એ કામ કેટલું આસાનીથી થઈ શકે છે. "આપણે આ કરીશું" બોલનાર વ્યક્તિ પોતે જ કાર્યમાં જોડાઈ જાય છે ત્યારે અન્યમાં ઉત્સાહ જગાડે છે. તેઓને પણ એમ થાય છે કે આપણે કોઈના ગુલામ બની કામ કરવાનું નથી.

'આપણે' શબ્દ મિત્ર જેવું કામ કરે છે. જે રીતે બે મિત્રો વચ્ચે સમાન દરજ્જો હોય છે. સમાન વ્યવહાર હોય છે, પરસ્પર સહકાર હોય છે તે રીતે 'આપણે' પ્રયોગ પ્રેમ અને હુંફનું વાતાવરણ સર્જે છે.

પંડિત નહેરુજી કહેતા કે "મને મોટા થવામાં રસ નથી પણ કાર્ય પૂરું કરવામાં રસ છે." આ રીતે જીવનમાં સાવ સામાન્ય લાગતા આવા શબ્દ પ્રયોગો વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેનો વ્યવહાર ખરબચડો કે સુંવાળો બનાવવા માટે જવાબદાર હોય છે. આ પ્રયોગો જ તેનો સ્વભાવ અને વ્યવહાર રજૂ કરે છે. જેનો સ્વભાવ માત્ર અહમને પોષવાનો હશે તો હંમેશા "હું" ને મહત્ત્વનો ગણશે. જે બીજાના મહત્ત્વને પણ સ્વીકારે છે તે "તમે" નો પણ સ્વીકાર કરશે કે જે બીજા પાસે કામ કરવાની ટેવ રાખતા હશે તે પણ 'તમે'નો પ્રયોગ વારંવાર કરશે. પરંતુ જે વ્યક્તિ ખરેખર પ્રસન્નતા અને સહકારની ભાવના રાખશે અને જે બીજામાં પોતાનું અને પોતામાં બીજાનું અસ્તિત્વ જોશે તે "આપણે" ની ભાવના રાખી પરસ્પર પ્રેમ અને સુંવાળાપનું વાતાવરણ સર્જશે.

ચાલો, આપણે પણ 'આપણે'નો વ્યવહાર રાખી જીવનને હર્યુંભર્યું બનાવીએ.

---

( અનુસંધાન પેજ ૬૨ નું ચાલુ )

શ્રી આત્માનંદ જૈન સભા બીકાનેર
શ્રી પિલીબંગા જૈન સંઘ, પિલીબંગા
શ્રી અકોલા જૈન સંઘ, અકોલા
શ્રી વિજય ઇન્દ્રદિન્નસૂરિ શ્રી સંઘ ઉત્જાણ
શ્રી ગુજરાત એપાર્ટમેન્ટ શ્રીસંઘ (દિલ્લી)
શ્રી ઓમકાર જ્વેલર્સ. બમ્બઈ
શ્રી રાજસ્થાની જૈન સંઘ. ઠાણા (મહારાષ્ટ્ર)
શ્રી ભંદર શ્રીસંઘ, ભંદર (રાજ.)
શ્રી બોમ્બે સક્રાંતિ ગ્રૂપ, બીકાનેર–પાલનપુર
શ્રી તપાગચ્છ સંઘ, નાગૌર
શ્રી જૈન શ્વેતાંબર તપ, શ્રીસંઘ, જયપુર–
શ્રી આત્માનંદ જૈન યાત્રિક ભવન ટ્રસ્ટ, પાલીતાણાના.
હીરાભાઈ ચૌધરી

શ્રી વલ્લભ સાર્વજનિક ટ્રસ્ટ–સાલપુરા આદિ વિભિન્ન સંઘો, ટ્રસ્ટો, સમિતિયો અને સંગઠનો જે આત્મ–વલ્લભ–સમુદ્ર–ઇન્દ્ર ગુરુ પરંપરાને પૂર્ણતઃ સમર્પિત છે અને જે ફક્ત ગુરુદેવના નેતૃત્વમાં જ કાર્ય કરે છે તેઓએ પોતાની શ્રદ્ધાસ્વરૂપ કાંબળી વોહરાવી પોતાની એકનિષ્ઠા તથા સમર્પિત ભાવ વ્યક્ત કર્યો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "વૃધ્ધિચંદ્રજી સ્વર્ગારોહણ શતાબ્દી દિવસ"

**વૈશાખ શુદ ૭, ૨૦૪૯**

સંકલન : **સંજય એસ. ઠાર**

વૈ. શુદ ૭ ને ૧૯૪૯ નો એ દિવસ જે દિવસે ભાવનગરની પૂણ્ય ભૂમી પરથી જૈન શાસનનો એક મહામૂલો સીતારો ખરી પડયો. જેણે પોતાનું સમસ્ત જીવન શુદ્ધ ચારિત્રથી ભરપુર અને શાસનની સેવામાં સમર્પિત કર્યું હતું. ખાસ કરીને જેના પ્રતાપે આજે ભાવનગર સંઘ આટલો બધો ફૂલ્યો ફાલ્યો છે તેવા એક મહામુનિ શ્રી વૃદ્ધિચંદ્રજી મ. સા. પોતાના જીવનનો અંતીમ શ્વાસ મુકયો તેવા પૂ. ગુરૂદેવના ચરણોમાં કોટીશઃ વંદના.

પૂ. ગુરૂદેવશ્રીનો જન્મ તો પંજાબ રાજ્યના લાહોર જીલ્લાના રામનગર નામના નાનકડા ગામમાં થયો હતો. પિતા ધર્મજસ અને માતા કૃષ્ણદેવી એક સૌથી નાના (ચાર ભાઈ અને એક બહેન પછી) પુત્ર કૃપારામતરીકે થયો હતો. નામ તેવા જ ગુણો ધરાવતો નાનકડો કૃપારામ નાનપણથી જ ધર્મના સંસ્કારથી સંસ્કારીત થયો હતો. ૧૮૯૦માં જન્મેલા કૃપારામ ૧૮ વર્ષની ભરયૌવન વયે જ ૧૯૦૮ માં પૂ. બુટેરાયજી મ. પાસે દિલ્હીમાં દિક્ષા લીધી. નાનપણમાં જ ધર્મના સંસ્કાર અને **"ત્યાગનો રાગ અને રાગનો ત્યાગ"** કેળવી **જૈન** ધર્મના મહાન ગ્રંથોનો **અભ્યાસ** કરી લીધો, તે સમયે દોરા-ધાગા-મંત્ર-જંત્ર વગેરેમાં ગળાડૂબ રહેલા **જૈન** સમાજને તેમણે [ આજે પણ રક્ષા-પોટલીના બહાના નીચે આ દુષણ પ્રવેશતું જાય છે. ] ઉગાર્યો હતો તે સમયે પરમાત્માની પૂજા કરવી-તેમનો સત્કાર કરવો વગેરે બાબતો ઘણી બધી ગૌણ બનતી જતી હતી તેવા સમયે તેમણે યતી સમાજ અને પાખંડી જેવા ગાદી પતીઓને શાસ્ત્ર વચનથી યુદ્ધ કરીને હરાવીને જૈન સમાજને તેમણે ઉગાર્યા હતાં. પૂ. ગુરૂદેવને માટે આજે પણ આ કાર્ય ખૂબ જ કિંમતી અને મહત્વનું જૈન સમાજ માટે બની ગયું.

પૂ. ગુરૂદેવશ્રીએ દિક્ષા લીધા પછી લાંબો સમય તેઓએ ગુજરાતમાં જ વિહાર કર્યો છે તેમાંય ખાસ કરીને ભાવનગરમાં જ તેમના ૧૯ ચાતુર્માસ થયા છે. આમ પૂ. ગુરૂદેવ શ્રી વૃદ્ધિચંદ્રજી મ. સા. ના ભાવનગર સંઘ ઉપર ખૂબ જ ઉપકાર છે. તેઓશ્રીની પ્રેરણાથી જ ભાવનગરમાં શ્રી જૈન ધર્મ પ્રસારક સભા અને " શ્રી વૃદ્ધિચંદ્ર જૈન વિદ્યાશાળા " ની સ્થાપના કરવામાં આવી જે આજે પણ ૧૦૦ ૧૦૦ વર્ષથી એ જ્ઞાનની પરબ ચાલુ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂ. ગુરૂદેવનો અંતીમ શ્વાસ ૧૯૪૮ના વૈ. શુ. ૭ ના દિવસે મારવાડીનો વંડો (હાલમાં નૂતન ઉપાશ્રય અથવા મોટા ઉપાશ્રય તરીકે પ્રસિદ્ધ છે) આવેલ છે ત્યાં રાત્રીના નવ કલાકે અરિહંતાદિ ચારશરણમાં લીન બનીને સંપૂર્ણ આત્મ લીન થયો. અને પ્રાણો છોડ્યાં. પૂ. ગુરૂદેવને પોતાના જ ૬ – ૯ તો શીષ્યો હતા. પૂ. શાસનસમ્રાટ નેમીસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. ધર્મસૂરીશ્વરજી મ. સા. વગેરે તેમના શિષ્યો હતાં.

આવા મહાન પૂ. ગુરૂદેવના સ્વર્ગારોહણ શતાબ્દી વર્ષ દિન નિમિતે શ્રી ભાવનગર જૈન સંઘના ઉપક્રમે પૂ. આ. વિ. મેરૂપ્રભસૂરીશ્વરજી મ. સા. ની પાવન નિશ્રામાં પૂ. ગુરૂદેવના નામથી સ્થપાયેલ શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન વિદ્યાશાળામાં પાઠશાળાના બાળકોએ ગુરૂસ્તુતિ અને ગુરૂદેવના ગુણોનું વાઙ્ન કરાયેલ. ત્યારબાદ ૮ કલાકે ચતુર્વિધ સંઘના ઉપક્રમે આરાધના હોલમાં પૂ. આ. મ. શ્રીએ પૂ. ગુરૂદેવના ગુણોનું વાઙ્ન કરેલ અને તેમના શિષ્ય પૂ. પં. ઈંદ્રસેનવિજયજી મ. સા. પણ પૂ. વૃદ્ધિચંદ્રજી મ.સાના જીવન વિષે સુંદર પ્રવચન આપેલ. સંઘના માનદમંત્રી શ્રી રમેશભાઈએ પણ પૂ. ગુરૂદેવના ભાવનગર સંઘ ઉપર કરેલા ઉપકારોનું વર્ણન કર્યું હતું. અંતમાં ભાવનગરની સમગ્ર પાઠશાળાના અધ્યાપક શ્રીઓનું ચાંદીની વાટકીથી ] વડોદરા નિવાસી તરફથી ] બહુમાન કરવામાં આવેલ તેમજ ભાવનગરની સમસ્ત પાઠશાળાના બાળક–બાલીકાઓને આ નિમિતે વોટર બેગની પ્રભાવનાની જાહેરાત કરવામાં આવેલ. આ રીતે વૈ. શુ. ૬/૭ (ભેગા હોવાથી) દાદાસાહેબની અંદર સુંદર રીતે પૂ. ગુરૂદેવના શતાબ્દી દિન નિમિતે સિદ્ધચક્ર પૂજન, આંગી–પ્રભાવના વગેરે કરવામાં આવેલ. આ નિમિતે શ્રી કૃષ્ણનગર સોસાયટી તરફથી સકળ સંઘમાં લાડવાની શો વહેંચવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મનીષભાઈ શાહે સંભાળેલ.

જગતમાં મહાપુરુષોનું જીવન સ્વપરકલ્યાણ કરવાવાળું હોય છે અને તેથી જ તે એક આદર્શ જીવન હોય છે. જો માનવીની દૃષ્ટિ સમક્ષ કોઈપણ જાતનો આદર્શ ન હોય તો તેનો પૂર્ણ વિકાસ થતો નથી એટલું જ નહિ પણ તેનું જીવન અંધકારમય બને છે. મહાપુરુષોના આદર્શ જીવનને દૃષ્ટિ સમક્ષ રાખતાં આપણને આત્મસ્વરૂપનું દર્શન થાય છે, આપણી નબળાઈઓ અને ક્ષતિઓનું સ્પષ્ટ જ્ઞાન થાય છે. પરિણામે આપણે એ ક્ષતિઓને દૂર કરી જીવનનું યોગ્ય ઘડતર કરવા પ્રયત્ન કરીએ છીએ વસ્તુતઃ મહાપુરુષોનું જીવન આપણામાં સંસ્કારોનું સિંચન કરે છે, દૃષ્ટિને વિસ્તૃત બનાવે છે અને એવી રીતે એક દીવાદાંડીરૂપ બને છે.

જેમનું જીવન એક આદર્શ જીવન હતું એવા અનેક મહાપ્રતાપી, મહાતેજસ્વી અને મહાપ્રભાવક ધર્મધુરંધર મહાપુરુષો જૈન સમાજમાં પણ થઈ ગયા. અન્યનું જીવન ઘડવામાં અને સન્માર્ગે વાળવામાં તેઓએ પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે. અંધકારમય જીવનમાં જ્યોતિ પ્રસારી નૂતન વાતાવરણ પેદા કરવામાં અખૂટ શક્તિ ખર્ચી છે.

આવા અનંત ઉપકારી પૂજ્યપાદ ગુરૂદેવના ચરણોમાં કોટીશઃ વંદના હો......



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ટાઇટલ પેજ ૨ નું ચાલુ )

ઉપરોક્ત ગૃહસ્થોના ઉત્તમ સહકારથી આપણી સભાના મેમ્બરોનો મહા માસ તથા ચૈત્ર માસના સંયુક્ત પ્રવાસ યોજવામાં આવેલ. ચૈત્ર શુદ ૧ ના દિવસે સભા તરફથી શત્રુંજય તીર્થમાં ડુંગર ઉપર શ્રી દાદાની ટુંકમાં, રંગમંડપમાં પૂજા ભણાવવામાં આવી હતી. તથા ચૈત્ર શુદ ૪ અને ૫ શનીવાર તથા રવીવાર તા. ૨૭–૩–૯૩ ૨૮–૩–૯૩ યાત્રા યોજવામાં આવેલ. સારી સંખ્યામાં મેમ્બર સાહેબોએ લાભ લીધો હતો. સભ્યોનું સ્વામીવાત્સલ્ય તથા પરમ પૂજ્ય ગુરૂભગવંતો તથા પ. પૂ. સાધ્વીજી મહારાજ સાહેબની ભક્તિનો સારો લાભ લીધો હતો.

આ પ્રસંગ સાથે, પાલીતાણામાં પંજાબી ધર્મશાળામાં પ. પૂ. આચાર્ય દેવે વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સમુદાયના બીરાજમાન ગચ્છાધીપતી પ. પૂ. આચાર્ય દેવ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી આદિ ગુરૂ–ભગવંતોનાં દર્શન વંદન કરવા આપણી સભાના સભ્યો ગયા હતા. સુખશાતા પુછ્યા બાદ સર્વ સભ્યોએ પ. પૂ. આચાર્યશ્રીને સપરીવાર ભાવનગર પધારવા અને આપણી સભાની મુલાકાત લઈ યોગ્ય માર્ગદર્શન આપવા મંત્રીશ્રી કાન્તીભાઈ સલોતે વિનંતી કરી હતી.

પ. પૂ. આચાર્યશ્રીએ અનુકુળતાએ પધારવાનું સ્વીકારેલ છે. સભ્યોમાં ખુબજ સારો આનંદ થયો છે. ત્યારબાદ સભ્યોએ જ્ઞાનપૂજન કર્યું અને પૂજ્યશ્રીએ માંગલલીક સંભળાવ્યું હતું.

# કેળવણી સહાયક ફંડમાં સાભાર સ્વીકાર

શેઠશ્રી રતીલાલ સાકરચંદ શાહ એન્જીનીયર તથા તેમના ધર્મપત્ની અ. સૌ. શ્રીમતી કુસુમબેન રતીલાલ શાહ તરફથી આપણી સભા દ્વારા ચાલના "શ્રી કેળવણી સહાયક અનામત" ફંડમાં રૂા. ૧૦૦૦૦–૦૦ અંકે રૂા. દસ હજાર ઉદારતા પૂર્વક આપવામાં આવેલ છે. ( હઃ કાન્તીલાલ રતીલાલ સલોત ) જે સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

# "ભાવનગરને આંગણે વર્ષીતપના પારણા" આદિ મહોત્સવ

શ્રી ભાવનગર જૈન સંઘના ઉપક્રમે પૂ. આ. વિજયમેરૂપ્રભસૂરીશ્વરજીની પાવન નિશ્રામાં પાંચ સાધુ ભગવંતો ત્રણ સાધ્વીજી ભગવંતો તથા ૧૧ શ્રાવક–શ્રાવિકાઓના વર્ષિતપના પારણા નિમિતે શ્રી દાદાસાહેબ આરાધના હોલમાં પંચાહ્નિકા મહોત્શવની ધામધૂમથી ઉજવણી સહ પૂ. આ. મેરૂપ્રભસૂરી મ. સા. ના આચાર્ય-પદના ૩૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ તથા ૬૮ છોડનું ભવ્ય ઉજમણું કરવામાં આવેલ. આ પાવન પ્રસંગે માનનીય નાણામંત્રીશ્રી છબીલદાસ મહેતા પણ ઉપસ્થીત રહેલ. સુંદર રથયાત્રાનો વરઘોડો તથા શ્રીસંઘ સ્વામીવાત્સલ્ય પણ રાખવામાં આવેલ.

તથા સોનામાં સુગંધ સમાન પૂ. ગુરૂવર્યશ્રી વૃદ્ધિચંદ્રજી મ. સા. ના સ્વર્ગારોહણ શતાબ્દી વર્ષની ઉજવણી કરવામાં આવેલ.

તેમજ ગુરૂણીજી શ્રી લાભશ્રીજી મ. સા. નાં શિષ્યા પ. પૂ. કાન્તાશ્રીજી મ. સાહેબનાં ૭૧ મા દિક્ષા દિન નિમિતે વૈશાખ શુદ ૫ નાં દિવસે સમુહ સામાયિક ભક્તિ ભાવના તથા વિશ સ્થાનકની પુજા ભણાવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિરલ આત્મારામજી મહારાજ સાહેબ

શ્રી આત્મારામજી મહારાજ સાહેબ સ્વભાવતઃ આનંદિ પુરૂષ હતા. કોઇ કોઇ વાર નિર્દોષ આનંદ કરાવતા, કોઈ વાર ગણીતાનુંયોગની ગંભીર વાતો ફોડ પાડી સમજાવે, વખત આવ્યે આકાશનાં ગ્રહ-તારાઓની ઓળખાણ કરાવે. કોઈ કોઈ વાર ન્યાયશાસ્ત્રની ઝીણી ઝીણી વાતો ઉકેલે અને નય-નિક્ષેપાનું મહત્વ સરળ ભાષામાં સમજાવે.

ખાસ મહત્વ તેમના વ્યવહારમાં એ હતું કે પોતાનાથી દિક્ષામાં મોટા એવા સાધુ-ભગવંતોનો સમાગમ થાય તો તદ્દન નિરાભિમાનપણે એમને વંદન કરવા તૈયાર થતા.—નાના કહેવા છતાં વિનય ધર્મના આદેશ અનુસરી વંદન વ્યવહાર રાખે.

જ્ઞાન અને વિનયના તેઓ ભંડાર હતા.

BOOK POST

પ્રતિ

From.
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only